સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

એપ્રિલ - ૨૦૧૨
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-








પ.પૂ. બાળલાલજી શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજી
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. બાળલાલજી શ્રી દિગ્વિજયેન્દ્રપ્રસાદજી
શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી




શ્રી રઘુવીર વાડી - વડતાલને આંગણે ઉજવાયેલ પ.પૂ. નાનાબાળલાલજી મહારાજશ્રીના 'નામકરણ સંસ્કાર મહોત્સવ' પ્રસંગે ઉપસ્થિત બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે બંને પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી (તા. ૬-૪-૨૦૧૨ ચૈત્ર સુદ - ૧૫)

















**વિક્રોલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, પ.પૂ.લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ મુંબઈ પરાવિસ્તારની 'દ્વિમાસિક સત્સંગ સભા' તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો '૩૯મો જન્મોત્સવ' (તા. ૨૫-૩-૨૦૧૨)**













**વડોદરાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ.લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીના દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ વર્ષ પ્રસંગે ભગવાન શ્રીહરિના ચરણકમળમાં શબ્દ, સ્વર અને ભાવના સુમન સમર્પિત કરવા યોજાયેલ 'કૃતાંજલિ સંધ્યા' (તા. ૧૮-૩-૨૦૧૨)**

નંદસંતો રચિત શ્રી સ્વામિનારાયણ ઘરાના શૈલીના આ ઉત્કૃષ્ટ 'કૃતાંજલિ કીર્તન સંધ્યા'માં કીર્તન માધુર્ય માણવા માટે પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વૈષ્ણવ યુવાચાર્ય પ.પૂ. શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી તથા પૂ. નાના જીજાજી, પૂ. ફૈબા અરુણાબા, પૂ. નાનાલાલારાજાશ્રી ઉર્વિશીબા, પૂ. ભાણીબા તેમજ વડોદરા ધારાસભ્ય શ્રીમતિ જ્યોત્સનાબેન, શ્રીમતિ રંજનબેન સોની વગેરે હરિભક્ત સમુદાય સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ કૃતાંજલિ સંધ્યામાં નીરજ પરીખે સ્વરલહેરીઓ લહેરાવીને સૌને કીર્તન-ભક્તિમાં ગરકાવ કર્યા હતા.



:: સંસ્થાપક ::      :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૭, અંક :- ૯, તા. ૨૦-૦૪-૧૨

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી : સાધુ પતિતપાવનદાસજી**

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |


:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com


## :: અનુક્રમણિકા ::

ગયા અંકથી ક્રમશઃ


| | | |
|---|---|---|
| ૨ | સ્નેહગીતા - ગ્રંથસાર | ૦૪ |
| ૩ | વચનવિધિ - ગ્રંથસાર | ૦૬ |
| ૪ | સારસિદ્ધિ - ગ્રંથસાર | ૦૭ |
| ૫ | ભક્તિનિધિ - ગ્રંથસાર | ૦૮ |
| ૬ | હરિબળગીતા - ગ્રંથસાર | ૦૯ |
| ૭ | હૃદયપ્રકાશ - ગ્રંથસાર | ૧૦ |
| ૮ | ધીરજાખ્યાન - ગ્રંથસાર | ૧૧ |
| ૯ | હરિસ્મૃતિ - ગ્રંથસાર | ૧૩ |
| ૧૦ | હરિવિચરણ - ગ્રંથસાર | ૧૪ |
| ૧૧ | અરજી વિનય - ગ્રંથસાર | ૧૫ |
| ૧૨ | કલ્યાણ નિર્ણય - ગ્રંથસાર | ૧૬ |
| ૧૩ | અવતાર ચિંતામણી - ગ્રંથસાર | ૧૮ |
| ૧૪ | ગુણગ્રાહક - ગ્રંથસાર | ૧૮ |
| ૧૫ | મનગંજન - ગ્રંથસાર | ૧૯ |
| ૧૬ | ચોસઠપદી - ગ્રંથસાર | ૨૦ |
| ૧૭ | ચિહ્ન ચિંતામણિ - ગ્રંથસાર | ૨૧ |
| ૧૮ | પુષ્પ ચિંતામણિ - ગ્રંથસાર | ૨૩ |
| ૧૯ | લગ્ન શકુનાવલિ - ગ્રંથસાર | ૨૩ |
| ૨૦ | યમદંડ - ગ્રંથસાર | ૨૪ |
| ૨૧ | વૃત્તિ વિવાહ - ગ્રંથસાર | ૨૫ |
| ૨૨ | શિક્ષાપત્રી - ગ્રંથસાર | ૨૫ |

- સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય) - સરધાર

| | | |
|---|---|---|
| ૨ | સત્સંગ સમાચાર પત્રિકા... | ૨૭ |

- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

| | | |
|---|---|---|
| ૩ | નવમી શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા..... | ૩૬ |

- સંકલિત

| | | |
|---|---|---|
| ૪ | આગામી કથાપારાયણો તથા મહોત્સવો... | ૩૭ |

- સંકલિત

# ૨. સ્નેહગીતા - ગ્રંથસાર



ભગવાન પુરુષોત્તમની સાક્ષાત્ પ્રાપ્તિ થાય એ ઊંચામાં ઊંચી અને અતિ દુર્લભ **અવિનાશી સિદ્ધિ** છે. તે મેળવવાનો એકમાત્ર **ઉપાય** છે - પુરુષોત્તમમાં અતિ પ્રબળ-પ્રકૃષ્ટ પ્રેમ, **અનન્ય ભક્તિ.** તે શ્રી ભગવદ્ ગીતામાં કહ્યું છે :-

**'भक्त्या त्वनन्यया शक्य अहमेवंविऽधोर्जुन । ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ! ।।'**

(શ્રી ભગવદ્ ગીતા : ૧/૫૪)

''હે અર્જુન ! એક અનન્ય ભક્તિથી જ આ રીતે **યથાર્થપણે** મને જાણવો, સાક્ષાત્ દેખવો અને મારામાં પ્રવેશ અર્થાત્ વિરામ પામવો તે શક્ય બને છે.'' આ **પ્રેમ** કેવો હોવો જોઈએ ? પ્રભુમાં તેવો પ્રેમ થયો હોય તો તેની કેવી **સ્થિતિ** હોય ? આ વિષયને સમજાવવા માટે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને નિમિત્ત બનાવી **સ્વયં** ભગવાન શ્રીહરિએ આ ગ્રંથ બનાવ્યો છે. આ વાત સ્વામીશ્રીએ જ આ રીતે લખી છે :-

**'સ્નેહગીતા ગ્રંથ ગાવા, ઈચ્છા કરી અવિનાશ;**
**નિષ્કુળાનંદને નિમિત્ત દઈ, કર્યો ગ્રંથ એહ પ્રકાશ.'** (સ્નેહગીતા : ૪૪/૮)

પ્રેમ તથા સ્નેહ બંને સમાનાર્થી જ છે. જેમાં સ્નેહ વિશેનું સંપૂર્ણ વર્ણન થયું હોય તે **'સ્નેહગીતા'** (સ્નેહ=પ્રેમ વિશે, ગીતા=વર્ણવાયેલી ગાથા) કહેવાય છે.

પ્રભુપ્રેમના સ્વરૂપને યથાર્થ સમજાવવા માટે આ ગ્રંથમાં **ગોપીઓની કથા** વર્ણવવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં પધાર્યા પછી વ્રજવાસીઓને તેમાં **ગાઢ પ્રેમ** થઈ ગયો. પરંતુ આ પ્રેમની ખરી પરીક્ષા લેવા માટે પરમાત્મા અચાનક મથુરા રહેવા ગયા. આ વિયોગની વેળાએ ગોપીઓને પ્રેમ ઘટ્યો નહિ, પણ વધુ પ્રબળ બન્યો. ગોપીઓ સંપૂર્ણ **ભગવાનમય** બની ગઈ, તેથી સદા સ્વતંત્ર પ્રભુ તેને કાયમ માટે વશ થઈ ગયા. આ કથાના માધ્યમથી આ ગ્રંથમાં **આટલા મુદ્દાઓનું પ્રતિપાદન** કરવામાં આવ્યું છે :-

(૧) જપ, તપ, તીર્થ, વ્રત કે દાન-પુણ્ય આવા કોઈપણ સાધન સ્નેહ સમાન થતા નથી. (૨) નવધા ભક્તિ પણ જો પ્રભુપ્રેમ વિનાની હોય તો સૂકું સરોવર, ઘી વિનાનું ભોજન અને સુગંધ વિનાના ફૂલ જેવી માત્ર બાહ્ય શોભારૂપ છે. (૩) અરે ! સ્વયં મોટા કથાકાર પણ જો પ્રભુપ્રેમ રહિત શુષ્ક (લૂખું) હૃદયવાળો હોય તો તેની કથા ચંડૂલાદિ-પક્ષીની ગાયન બરાબર છે. (૪) પ્રભુપ્રેમથી રહિત ભલે ગમે તેટલું જ્ઞાન હોય તો પણ તે વર વિનાની જાન જેવું છે. (૫) ઉત્કટ પ્રભુપ્રેમના પ્રભાવે વૈરાગ્ય તો આપોઆપ આવી જાય છે, તે ગોપીઓના **વૃત્તાંતથી** સમજાવ્યું છે :-

**'ભવવૈભવની ભૂલી વૃત્તિ,**
**જેની સુરતિ લાગી લાલશું; રહે ઉદાસી થઇ નિરાશી,**
**મન મોહે નહિ ધન માલશું.'**

(સ્નેહગીતા : ૧૮/૨)

(૬) સાચા પ્રેમીભક્તને હંમેશા પોતાનો જ અવગુણ આવે છે, પણ પ્રિયતમ પ્રભુનો કે પ્રભુના ભક્તનો ક્યારેય અવગુણ આવતો નથી. (૭) સાચા પ્રેમીને ચોવીશેય કલાક તેના પ્રિયતમની રટના આપોઆપ લાગેલી જ રહે છે. (૮) જેને ભગવાનનો મહિમા ખરેખર સમજાયો હોય, તેને તો ભગવાનના સાચા ભક્ત પાસે આપોઆપ માન મુકાઈ જાય છે અને તેની ચરણરજ થઈને રહેવું ગમે છે. આ વાત ઉદ્ધવના **દૃષ્ટાંતથી** સમજાવી છે :-

**'પ્રેમ જોઇને પ્રમદાનો, મારો ગર્વ સર્વે ગાળિયો;**
**હું તો ગયો'તો શીખ દેવા,**
**પણ સામું શીખ લઈને વળિયો.'**

(સ્નેહગીતા : ૪૦/૫)

(૯) પરાભક્તિના ફળસ્વરૂપે ભગવાન ભક્તને **વશ** થઈ જાય છે તે શ્રીકૃષ્ણ ભગવાનના શબ્દોમાં આ રીતે વર્ણવ્યું છે :-

**'હું જ છઉં પ્રાણ પ્રેમીના, અને પ્રેમી જ મારું તન;**
**ઉદ્ધવજી એમાં અસત્ય નથી, સત્ય માનજે તું મન.**

(૪૧/૮)

**મુને પ્યાર છે પ્રેમીનો, હું તો પ્રેમી જનને પૂંઠે ફરું;**
**સ્નેહ સાંકળે સાંકળ્યો હું, જે જે જન કહે તે કરું.'**

(૪૧/૯)

**મુને સંભારે છે સ્નેહીજન, તેમ સંભારું હું સ્નેહીને;**
**અરસપરસ રહે એકઠાં, જેમ પ્રીત છે દેહ દેહીને.**

(૪૨/૪)

**હું તો વશ છઉં પ્રેમને, કહું ગોપ્ય મારો મત છે;**
**સ્નેહ વિના હું શિયે ન રીઝું, એહ માનજે સત્ય સત્ય છે.**

(૪૨/૯)

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતોને આવો સ્નેહ પોતાના ઈષ્ટદેવ સર્વોપરી ભગવાન શ્રીહરિમાં જ કરવો જોઈએ. એવો અભિપ્રાય સ્નેહગીતાની અંતિમ કડીમાં **સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી** સ્પષ્ટપણે સમજાવે છે :-


**'હેત-પ્રીતે સ્નેહીને સંગે, અલબેલો આપે છે આનંદ;**
**વાલો નિષ્કુળાનંદનો નાથજી, સ્નેહવશ શ્રી સહજાનંદ.'**

(સ્નેહગીતા : ૧૧/૬)

આ ગ્રંથનું **તાત્પર્ય** ભગવાનને સગુણ-સાકાર સમજાવવા પર છે તથા સર્વ વ્યાપક પ્રભુ કરતા પોતાને મળેલા પ્રત્યક્ષ ભગવાનમાં **સાચો સ્નેહ** કરી પોતાની જાતને-આત્માને સમર્પિત કરીને તેમને સેવી લેવા અને પરોક્ષ કરતાં પ્રગટથી જ **કલ્યાણ** થાય છે એવો સ્પષ્ટ **આશય** જણાય છે.

સં. ૧૮૭૨માં વૈશાખ સુદ - ચોથે રચાયેલા આ ગ્રંથમાં ૪૪ કડવા તથા ૧૧ પદ છે. કુલ મળી ૪૯૦ ચરણ (કડીઓ) છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી એક **વૈરાગ્યમૂર્તિ** સંત હોવા છતાં કેટલા ઉમદા-ઉત્કૃષ્ટ **પ્રેમી** પણ છે તે આ **'સ્નેહગીતા'** ગ્રંથમાં અને તેમાં પણ ઉદ્ધવ અને ગોપીઓના સંવાદ-વર્ણનમાં **સવિશેષ** જણાઈ આવે છે. આ રીતે ભગવાન શ્રીહરિની પ્રસન્નતામાં હેતુભૂત અનેક શુભગુણોનો **સમન્વય** તે પણ પૂ. સ્વામીના જીવનની એક **આશ્ચર્યકારી** અદ્‌ભુત **વિશેષતા** છે.

# ૩. વચનવિધિ - ગ્રંથસાર



પુરુષોત્તમ નારાયણને પામવાનો **અસાધારણ ઉપાય** છે : એકાંતિકી અથવા **પ્રેમલક્ષણા** ભક્તિ. આ ભક્તિનું એક **અનિવાર્ય અંગ** ધર્મ છે. ધર્મ એટલે ભગવાનની આજ્ઞા. તમામ મનુષ્યોના આચાર માટેની જે જે આજ્ઞાઓ છે તેનું યથાર્થ પાલન કરવું તે ધર્મનું પાલન કર્યું કહેવાય છે.

આ ધર્માનુષ્ઠાનના મુખ્ય **બે ફળ** છે : એકાંતિકભક્તિની સિદ્ધિ, પ્રભુની પ્રસન્નતા. ભક્તિની સિદ્ધિ થયા પછી પ્રસન્ન થયેલા પ્રભુ પોતે રાજી થઈને જીવને પોતાની સાક્ષાત્ પ્રાપ્તિ કરી આપે છે; તેને જ આત્યંતિક મોક્ષ કહેવાય છે. આ રીતે મુમુક્ષુજનો માટે ધર્મનું અંગ અતિ અગત્યનું છે.

ભગવાનની આજ્ઞારૂપ આ ધર્મ મુમુક્ષુઓના જીવનમાં અતિ દૃઢ થાય તથા તેના ફળરૂપે તેઓ કાયમી મહાસુખિયા થાય તે ઉદ્દેશથી સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ **'વચનવિધિ'** ગ્રંથનું નિર્માણ કર્યું છે. વચન એટલે મહારાજની આજ્ઞા. વિધિ એટલે તેનું વિધાન = પ્રતિપાદન. ભગવાનની આજ્ઞાઓ વિષેનું જેમાં સર્વાંગી વિધાન બતાવવામાં આવ્યું છે તે ગ્રંથ એટલે **'વચનવિધિ.'**

આ ગ્રંથના મુખ્ય **ચાર વિષયો** છે : (૧) વચનમાં વર્તવાના ફાયદા. (૨) વચન લોપવાથી થતું નુકસાન. (૩) આજ્ઞાની દૃઢતા કરવાના ઉપાયો. (૪) આજ્ઞાને લોપાવનાર કોઈપણ કુસંગ અથવા વચનદ્રોહી વિમુખોનો ત્યાગ.

આ ચારેય વિષયોને સ્વામીશ્રીએ અસરકારક શૈલીમાં દૃષ્ટાંતો સહિત સુંદર રીતે વર્ણવ્યા છે. આજ્ઞામાં વર્તવાના મુખ્ય **બે ફાયદા** બતાવ્યા છે : (૧) સુખ (૨) મોટ્યપ.

આજ સુધીમાં જે કોઈ સુખ તથા મોટાઈ પામ્યા છે તે પરમાત્માની આજ્ઞામાં વર્તવાથી થતી ભગવાનની કૃપાથી જ પામ્યા છે. તેના દૃષ્ટાંતરૂપે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ધામના મુક્તો તથા બીજા અનેક ભક્તોને સ્વામીએ બતાવ્યા છે.

'धर्मो रक्षति रक्षितः।' (સ.જી. : ૨/૧/૨૭) આ શ્રીમુખ વચનમાં કહ્યા મુજબ **ધર્મનું રક્ષણ** કરવાથી સહુ કોઈનું સર્વપ્રકારે હિત થાય જ છે, એમ સ્વામી **ભારપૂર્વક** જણાવે છે. નાના કે મોટા કોઈપણ વ્યક્તિ જ્યારે ભગવાનની આજ્ઞા બહાર જાય છે ત્યારે તેમને અસહ્ય **દુઃખો** આવે છે તે પણ તેમણે બ્રહ્માદિ દેવો તથા સીતાજી અને રાધાજી વગેરે ભક્તોના **સદ્દૃષ્ટાંત-પ્રમાણો** આપીને સિદ્ધ કરી આપ્યું છે.

આજ્ઞા પાળવાના ઉપાયોમાં (૧) ભગવાનનો મહિમા દૃઢ કરવો. (૨) સાચા સંતનો નિર્માની થઈને મન, કર્મ, વચને સમાગમ રાખવો - આ **બે સાધન** મુખ્ય દર્શાવ્યાં છે.

તેમાં વિઘ્ન કરનાર જે કોઈપણ, ભગવાન શ્રીહરિથી વિમુખ-વચનદ્રોહી જનોના મહાદુઃખદાયી પ્રસંગનો સર્વથા ત્યાગ કરીને શ્રીજીમહારાજની આજ્ઞાનું દૃઢપણે પાલન કરતાં હોય તેવા સાચા સંતોના સમાગમથી ભગવાન શ્રીહરિના વચનોને પોતાના જીવનમાં દૃઢ કરીને **સાચા સહજાનંદી** - દૃઢ સત્સંગી બની ચોક્કસપણે ભગવાનના ધામની પ્રાપ્તિ કરી લેવી જોઈએ; એવું આ ગ્રંથનું **તાત્પર્ય** છે.

આમ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાચા સત્સંગી બનવા માટે પ્રાથમિક તબક્કામાં આ ગ્રંથ અતિ ઉપયોગી છે. આ ગ્રંથમાં કુલ ૫૨ (બાવન) કડવા તથા ૧૩ પદો છે.

# ૪. સારસિદ્ધિ - ગ્રંથસાર

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી વિરચિત આ **'સારસિદ્ધિ'** ગ્રંથ મુમુક્ષુઓ માટે ઘણો જ ઉત્તમ છે. કારણ કે, તેમાં સાર-સારનું સંશોધન કરી તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

સાર એટલે શ્રેષ્ઠ વસ્તુ. સારની સિદ્ધિ એટલે હેતપૂર્વક સારનું પ્રતિપાદન. તત્ત્વની દૃષ્ટિએ જે કાંઈ સારરૂપ તત્ત્વો છે, તેની આ ગ્રંથમાં સિદ્ધિ કરવામાં આવી છે. એટલે 'साराणां सिद्धिः यस्मिन्' આ રીતે **'સારસિદ્ધિ'** એ સાર્થક નામ છે.

આ સંપૂર્ણ વિશ્વમાં ત્રણ જ તત્ત્વો છે : (૧) જીવ (૨) માયા અને (૩) પુરુષોત્તમ. તેમાં જીવ પોતે અલ્પજ્ઞ તથા પરમાત્માને આધીન તત્ત્વ છે. માયા આધીન ઉપરાંત જડ તથા સતત વિકારી તત્ત્વ છે, તેથી તે અસાર વસ્તુ છે. એક પુરુષોત્તમ નારાયણ જ સર્વશ્રેષ્ઠ **સાર તત્ત્વ** છે. કેમ જે, તે સંપૂર્ણ નિર્વિકારી, સર્વજ્ઞ, સ્વતંત્ર તથા તમામ ત્યાજ્ય દોષોથી રહિત અને અનંત દિવ્ય ગુણોએ યુક્ત છે. આવા ભગવાન શ્રીહરિ જ સર્વનું કારણ, સર્વના આત્મા અને દિવ્યસુખના મહાસાગર છે. આમ, સારમાં સાર **સદાસાકાર** એક **ભગવાન શ્રીહરિ** જ છે. આ સદા સર્વદા સત્ય વાતનું સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં બહુ સારી રીતે પ્રતિપાદન કર્યું છેઃ-

**'સારમાં સાર હરિની મૂર્તિજી, તેમાં જેણે રાખી મનચિત્તવૃત્તિજી;**
**હરિ વિના બીજે રાખે નહિ રતિજી, તે ખરા સંત કહિયે મહામતિજી.'**
(૩૧/૧)

આવા સારના સારરૂપ ભગવાન શ્રીહરિને રાજી કરવા તથા તેમાં અખંડવૃત્તિ રાખવા માટે જે જે **ગુણો** ખાસ જરૂરી છે તેને પણ સ્વામીશ્રીએ સાર સ્વરૂપે આ ગ્રંથમાં વર્ણવ્યા છે. તેમાં આ તુચ્છ માયામાંથી જીવની વૃત્તિ પાછી વાળવા માટે તીવ્ર વૈરાગ્યનું શરૂઆતમાં જ સચોટ, અનુરૂપ દૃષ્ટાંતો સાથે, તલસ્પર્શી, આબેહુબ પ્રતિપાદન કરી શુદ્ધ તીવ્ર વૈરાગ્યનો મહિમા વર્ણવ્યો છે. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ તેમના અંગ પ્રમાણે વૈરાગ્યનું અતિ ધારદાર શબ્દોમાં વર્ણન કર્યું છે. કુલ ૪૮ કડવાના આ ગ્રંથમાં ૨૦ કડવા સુધી વૈરાગ્યનું જ વર્ણન થયું છે, પરંતુ તેમાં સ્વામી, વૈરાગ્યનું સ્થાન તથા પ્રયોજનની બહુ સ્પષ્ટતા કરતા સમજાવે છે :-

**'તેહ પ્રભુને પમાડવા, શુદ્ધ વૈરાગ્ય છે વળાવો વળી;**
**તેહ પોં'ચાડે હરિ હજૂરમાં, મુખોમુખ દિયે મેળવી.'** (૨૧/૪)

વૈરાગ્યરૂપી વળાવિયો (સંરક્ષક) સર્વ વિઘ્નોથી બચાવી પ્રભુ સુધી પહોંચાડવાનું કામ કરે છે. એટલે કે વૈરાગ્ય એક સાધન છે સાધ્ય નહિ. વૈરાગ્યના વર્ણન બાદ પ્રભુને પ્રસન્ન કરવા ભાવે સહિત ભક્તિનું પ્રતિપાદન કર્યું છે. આ ભક્તિ પ્રગટ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની જ કરવી, તેવો ખાસ અનુરોધ પણ કર્યો છે. ત્યારબાદ ધર્મપુત્ર ભગવાન શ્રીહરિના વચનરૂપી ધર્મને વર્ણવ્યો છે. તેને પાળવાથી સુખ તથા લોપવાથી દુઃખ મળે છે. તેથી જીવનના દરેક કાર્ય ધર્મમાં રહેતાં થકાં જ કરવાં એવી ટકોર કરી છે.

જેને પ્રગટ પ્રભુનો યથાર્થ મહિમા સમજાય છે, તેનાથી જ વચનમાં વર્તાય છે અને તેનાથી જ સમયે-સમયે નિષ્કામ સેવા-ભક્તિ થાય છે. એટલે મહિમા પણ અતિ જરૂરી **સાર વસ્તુ** છે. તે માટે શ્રીજીમહારાજના મહિમાનું (દિવ્યમૂર્તિનું) જ્ઞાન પણ આ ગ્રંથમાં સુંદર રીતે પ્રતિપાદન કર્યું છે. આ ધર્માદિક ચારે બાબત ભગવાન શ્રીહરિના સાચા સંત થકી જ જીવનમાં આવે છે. તેથી સાચા સંતનો મહિમા તથા તેના લક્ષણો પણ આ ગ્રંથમાં સુંદર રીતે વર્ણવ્યા છે. સાથે સાથે અસંત પણ ઓળખાવ્યા છે.

આમ, આ સારસિદ્ધિમાં મુખ્યપણે આ **પાંચ બાબત**નું સારરૂપે **પ્રતિપાદન** કરવામાં આવ્યું છે : (૧) પ્રગટ પ્રભુની આજ્ઞારૂપ નિષ્કામ ધર્મ. (૨) વૈરાગ્ય (ભગવાન સિવાય બીજે પ્રીતિ નહીં). (૩) માહાત્મ્ય-જ્ઞાન તથા પ્રગટ પ્રભુની ભક્તિ. (૪) કેવળ આત્મજ્ઞાન જ નહિ, પરંતુ સર્વાત્મા-સદાસાકાર મૂર્તિ ભગવાનનો સર્વોપરી મહિમા સહિત યથાર્થ જ્ઞાન અને (૫) સાચા સંતને ઓળખીને તેમનો નિત્યનો સત્સંગ-પ્રસંગ.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની દિવ્ય દૃષ્ટિએ ભગવાન પુરુષોત્તમ શ્રીહરિને પ્રસન્ન કરવા તથા પામવા માટે આ પાંચ સર્વશ્રેષ્ઠ **સાર વસ્તુ** છે. એટલે જ તેમણે અંતે **આશીર્વાદ** આપ્યા છે કે :-

**'આ ગ્રંથ ગાશે સુણશે, રે'શે એમાં કહ્યું એવી રીત;**
**નિષ્કુળાનંદ એ નરનાં, ઊઘડશે ભાગ્ય અમિત.'**
(૪૮/૧૦)

આ ગ્રંથના અંતિમ ધોળના પદમાં પ્રગટ પુરુષોત્તમ નારાયણ ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિની પ્રાપ્તિનો જે **કેફ** છલકાઈ રહ્યો છે તે હરકોઈ મુમુક્ષુ માટે એક આદર્શ સ્થિતિ છે. શ્રીજીમહારાજનો ભારોભાર મહિમા અને સચોટ સર્વોપરીપણું નિરૂપી ભગવાન શ્રીહરિના અવતારી સ્વરૂપનો **કળશ** ઝળહળાવ્યો છે, જેમાં એમની પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણ વિષેની સાર્વોપરી સ્વરૂપનિષ્ઠાના **દર્શન** સ્પષ્ટપણે થઈ આવે છે. મૃત્યુકાળ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણની એવી સ્વરૂપનિષ્ઠા આપણા જીવનમાં સાક્ષાત્ થઈ જાય તે જ જીવનભરની સાધનાનું ફળ છે.

આ સારસિદ્ધિ ગ્રંથમાં ૪૮ કડવા, ૧૨ પદો અને કુલ ૫૩૫ ચરણ છે. ગ્રંથનો રચનાકાળ ગ્રંથમાં લખાયેલો નથી.

# ૫. ભક્તિનિધિ - ગ્રંથસાર

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીનો છેલ્લો ગ્રંથ આ **'ભક્તિનિધિ'** ગ્રંથ છે. વળી ભક્તિનો **ભંડાર**-ખજાનો હોવાથી તેનું નામ પણ અતિ **અન્વર્થ** છે. હરિબળગીતામાં દર્શાવેલ **શરણાગતિ** સ્વીકારી લીધા પછી શરણાગતનું **સર્વશ્રેષ્ઠ કર્તવ્ય** ભક્તિ છે. એટલે કે પુરુષોત્તમને પ્રસન્ન કરવાનું **મુખ્ય સાધન** આ ભક્તિ છે. તેથી આ ગ્રંથમાં ભક્તિનું **સાંગોપાંગ** વર્ણન કરવામાં આવ્યું છે. જીવનમાં ગમે તેટલા **ગુણો** હોય પણ જ્યાં સુધી ભક્તિ પ્રગટ ન થાય ત્યાં સુધી તે સર્વ **નિષ્ફળ** છે. ભગવદ્‌ભક્તિ જ જીવનનું સારરૂપ **સાચું ફળ** છે. ભગવાન શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આ વાત લખી છે જે :-

'गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् । कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥'

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો; અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૧૪)

જો જીવનમાં ભગવદ્‌ભક્તિ અને સત્પુરુષોનો સત્સંગ ન હોય તો બીજા અપાર સદ્‌ગુણોવાળા વિદ્વાન હોય તોપણ તેની **અધોગતિ** થાય છે.

વળી, કાચના વાસણની જેમ બીજાં સાધનો ઉપર કાળ-માયાનો સદા **ભય** છે, જ્યારે ભક્તિ સોનાનો કળશ છે. આમ, ભક્તિનું **સર્વોત્કૃષ્ટ ગૌરવ** છે. શાસ્ત્રોમાં ભક્તિને જ પ્રેમ, ઉપાસના, ધ્યાન, સેવા વગેરે **વિવિધ શબ્દોથી** વર્ણવેલ છે. આવી ભક્તિ વિષે સ્વામીશ્રીએ **આટલી બાબતો** ઉપર **પ્રકાશ** કર્યો છે.

(૧) પ્રગટ પ્રભુની ભક્તિ (૨) નિષ્કામ ભક્તિ (૩) પતિવ્રતા જેવી અનન્ય ભક્તિ (૪) ધર્માદિ ત્રણ અંગો તથા મહિમા સહિત ભક્તિ (૫) પૂર્ણ પ્રેમ લક્ષણા ભક્તિ.

આટલા વિષયો સ્વામીશ્રી નીચેની પંક્તિમાં **અદ્‌ભુત** રીતે સમજાવે છે :-

**'ભક્તિ સરસ સહુ કહે, પણ ભક્તિ ભક્તિમાં ભેદ;**
**ભક્તિ પ્રભુ પ્રગટની, એમ વદે છે ચારે વેદ.'** (દોહો - ૩)

**'બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું; પણ પ્રગટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું. માટે કોઈને એ કરતા, ભાવ થાતો નથી ભીતરમાં; પછી પ્રીત બાંધી પરોક્ષમાં, ઘણું આદરી બેઠા ઘરોઘરમાં.'** (૪૪/૭-૮)

તેમજ નિષ્કામ ભક્તિને આવી રીતે બિરદાવી છે :-

**'પણ મૂરતિ મૂકી મહારાજની, બીજું માગવું નહિ બાળક થઈ;**
**નિષ્કુળાનંદ નિર્ભય થાવા, હરિભક્તિ વિના ઈચ્છવું નહીં.'** (૨/૧૦)
**'માટે સેવા ખરી હરિની કરી, માગિયે નહિ માયિક સુખ;**
**જે પામી પડે પાછું પડવું, રહે જેમ હોય તેમ દુઃખ.'** (૩/૫)

વળી, પતિવ્રતાના દૃષ્ટાંતે તેવી પ્રીતિ ભગવાનમાં કરવાનું આ રીતે સૂચવ્યું છે :-

**'જેમ પતિવ્રતા હોય પ્રમદા, તે પતિ વિના પુરુષ પેખે નહિ; બીજા સો સો ગુણે કોઈ હોય સારા, તોય દોષિત જાણી દેખે નહિ. તેમ ભક્ત ભગવાનના, હોય પતિવ્રતાને પ્રમાણ; પ્રભુ વિના બીજું ન ભજે ભૂલ્યે, તે સાચા સંત સુજાણ.'** (૩૭/૪-૫)

આમ, ભક્તિનું **સર્વાંગી** વિવરણ કરીને તેનું **ફળ** બતાવ્યું છે :-

**'અરસપરસ રહે એકતા, સદા શ્રીહરિની જો સાથ;**
**અંતરાય નહિ એકાંતિપણું, ઘણું રહે શ્યામની સંગાથ.'** (૩૪/૮)
**'દૂર ન રહે એવા જનથી દયાળજી, રાત દિન રાખે એની રખવાળજી;**
**જેમ જનની નિત્ય જાળવે બાળજી, એમ અતિ કૃપા રાખે છે કૃપાળજી.'** (૪૩/૧)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કુલ ૮૨ વર્ષ આ પૃથ્વી પર રહ્યા. તેમાં તેમની ૮૦ વર્ષની ઉંમરે ધોલેરામાં રહીને સં. ૧૯૦૨માં આ ગ્રંથ પૂર્ણ કરેલ છે. તેથી આ ગ્રંથ જીવનના પરિપાકરૂપ અતિ અદ્‌ભુત છે.

આ ગ્રંથમાં કુલ ૪૪ કડવા, ૧૧ પદ, બે દોહા અને છેલ્લે એક ધોળનું પદ છે. કુલ મળી ૫૦૮ ચરણો છે.

# ૯. હરિબળગીતા - ગ્રંથસાર



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રય-શરણાગતિનું પ્રધાનપણે મહિમા સભર વર્ણન કરતો આ અદ્‌ભુત ગ્રંથ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ સં. ૧૮૯૮માં પોતાના ૩૮ વર્ષના સાધુજીવનના અનુભવ બાદ, ૭૬ વર્ષની અતિ પ્રૌઢ અવસ્થાએ આ ગ્રંથનું આલેખન કર્યું છે.

આ ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પ્રત્યક્ષ-પ્રગટ ભગવાન શ્રીહરિના આશરાના બળની ગાથા ખૂબજ મહિમા સભર વર્ણન કરી છે. તેથી જ આ ગ્રંથનું નામ પણ **'હરિબળગીતા'** એવું સાર્થક જ રાખેલું છે.

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।' આ ભગવાનના શ્રીમુખ વચન અનુસાર આ સંપૂર્ણ ગ્રંથમાં **શરણાગતિ** કે જેને દૃઢ **સ્વરૂપનિષ્ઠા** કહેવામાં આવે છે તેના પર ખૂબજ ભાર આપવામાં આવ્યો છે. ભગવાનનો દૃઢ ભરોસો, એટલે કે ગમે તેવા પતિતને પણ પળમાં પાવન કરે એવું પાપહારી ભગવાનનું નામ છે; એવો વિશ્વાસ હોવો જોઈએ. આ ભગવાનના નામસ્મરણાદિ કે કોઈ પ્રકારના પ્રસંગથી પૂર્વે અજામિલ, ગુણિકા(વેશ્યા), કંસ, શિશુપાલ જેવાનો પણ ઉદ્ધાર થયો છે.

કેટલાક ભક્તો પોતાનામાં રહેલા દોષોને ટાળવા મુશ્કેલ જોઈને હિંમત હારી જાય અને એમ માની લે કે 'હવે મારો મોક્ષ થાશે જ નહિ' એવું માનીને ભક્તિમાર્ગમાંથી પાછા પડી જાય છે. એવા ભક્તોને માટે આ ગ્રંથ **સંજીવની** ઔષધિ સમાન છે. આ ગ્રંથનું **પરિશીલન** સબળ તેમજ નિર્બળને પણ હૈયાધારણ અને હિંમત આપે તેવું છે. આ ગ્રંથ લડથડતાને લાકડી સમાન ટેકો આપનાર છે.

ભગવાન પતિતપાવન અને અધમઉદ્ધારણ છે એવું આશ્વાસન જીવાત્માને આપવું એ આ ગ્રંથનું મુખ્ય પાસું છે. હાર્યાને હિંમત, હતાશ-નિરાશ થયેલાને આશા અને નવી ચેતના આ ગ્રંથમાંથી અવશ્ય મળી રહે છે. આવો આશ્વાસનભર્યો ગ્રંથ રચીને સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આપણા ઉપર ખૂબજ કૃપા કરી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા મધ્ય પ્રકરણના ૬૬મા વચનામૃતમાં કહે છે કે, 'કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે અને એ (ધર્માદિ) સાધન છે તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે' આ વચનોને સ્વામીશ્રીએ આ 'હરિબળગીતા' ગ્રંથમાં વિસ્તારપૂર્વક યથાર્થ સમજાવી આપ્યા છે.

પોતાના મનનું ગમતું તથા સાધનનું બળ મૂકી દઈને ભગવાનનો જ એક આશ્રય દૃઢ રાખીને તેમનું જ બળ વિશેષ રાખવું એ જ આ ગ્રંથનો પરમ સારરૂપ **ગલિતાર્થ** છે. આ ગ્રંથનો અતિશ્રેષ્ઠ મહિમા તથા ફળ, રચયિતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કડવું - ૪૪, પદ - ૧૧માં ખૂબજ સુંદર રીતે વર્ણન કરેલ છે. આ ગ્રંથમાં ૪૪ કડવા, ૧૧ પદ અને કુલ મળી ૪૦૦ ચરણો છે.

# ૭. હૃદયપ્રકાશ - ગ્રંથસાર

પરબ્રહ્મ પુરુષોત્તમની પ્રાપ્તિ પ્રત્યક્ષ ભગવાન **શ્રીહરિ**ની અખંડ **અનુભૂતિ** આત્મામાં પરમાત્માના **સાક્ષાત્કાર** માટે અંતરની શુદ્ધિ અનિવાર્ય છે. અગોચર જેવા મલિન થયેલા મનમંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ક્યારેય દર્શન આપતા નથી, માટે દરેક મુમુક્ષુઓએ પોતાના હૃદયની શુદ્ધિ કરવી જરૂરી છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી આ 'હૃદયપ્રકાશ' ગ્રંથમાં હૃદયને શ્રીજીમહારાજની પધરામણીનું પાત્ર (અતિશુદ્ધ) બનાવવાનો પ્રકાશ પાડે છે. તેથી તેનું **'હૃદયપ્રકાશ'** એવું સાર્થક નામાભિધાન કર્યું છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ગુરુ-શિષ્યના સંવાદમાં રચેલા આ ગ્રંથમાં એક અદ્‌ભુત **મનોવિજ્ઞાન** લગાવ્યું છે.

જેમ કોમ્પ્યુટરમાં રહેલી 'હાર્ડ ડિસ્ક' ગંદા ડેટાઓથી હાઈસ્કુલ થઈ ગઈ હોય તો પછી તેમાં સારું સાહિત્ય ભરી શકાય નહીં. તે માટે પહેલા તેને ખાલી કરવી જરૂરી છે. પછી તેમાં ખાસ ઉપયોગી ડેટાઓને (વિગતો કે ફાઈલોને) એન્ટર કરવાની પ્રોસેસ (અંદર ઉતારવાની મહેનત) કરવી જોઈએ. તે જ રીતે નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં સમજાવ્યું છે.

આપણું હૃદય એક **હાર્ડ ડિસ્ક** (સંગ્રહસ્થાન) છે, તેમાં જન્મોજનમથી જગતસંબંધી ભૂંડા વિષયો ભરપૂર થઈને ભરાઈ પડ્યાં છે. આ બધા ગંદા ડેટાઓને (વિષયની વિગતોને) દાખલ કરનારા આપણા કુલ **નવ શત્રુઓ** છે : પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા ચાર અંતઃકરણ. અંતઃકરણના ચાર દેવતાઓ તેના ખાસ સાથીદાર - પ્રધાનો છે. આ બધાએ ભેગા થઈને આપણા અંતરમાં અહં મમત્વ અને જગતના તમામ પદાર્થો (કલ્યાણના માર્ગમાં **વિઘ્નરૂપ**)નું જ્ઞાનરૂપ કચરું (ઓલ વર્લ્ડ **નોલેજ**) એટલું બધું ભરી દીધું છે કે હવે ભગવાન શ્રીહરિને પગ દેવાની પણ જગ્યા નથી.

આ બધી ચર્ચા શરૂઆતના **નવ પ્રસંગો**માં કરી છે. ત્યારબાદ દસમા **પ્રસંગ**માં નિષ્કુળાનંદ સ્વામીએ તે ગંદા ડેટાને ડીલેટ (રદ) કરવાના પાંચ ઉપાયો બતાવ્યા છે : (૧) વૈરાગ્ય (૨) મહાપ્રભુની પરાભક્તિ (૩) વિષય ત્યાગના નિયમો (૪) સત્પુરુષોનો સંગ અને (૫) આત્મનિષ્ઠાની દઢતા.

વૈરાગ્ય, ભક્તિ અને આત્મજ્ઞાન તરત થાય તેવા નથી. માટે **નિયમો** સહુ કોઈના **તારણહાર** છે.

આ બધા સાધનો કેવળ સ્વપ્રયત્નથી જ સિદ્ધ થવા અશક્ય છે. પરંતુ જો ભગવાન શ્રીહરિ તથા સંતોનો ભરોસો રાખી તેના બળે પૂરતો પ્રયત્ન કરે તો શ્રીજીમહારાજ જરૂર તેને **સહાય** કરી સાધનો પૂરા કરી આપે છે. આવો સાર અગિયારમા પ્રસંગમાં જણાવ્યો છે.

બારમા પ્રસંગમાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારી સંકલ્પને ટાળવાની રીત શીખવી છે તથા પરમાત્માને દોષ નહિ દેતા તેઓને પ્રસન્ન કરવાનો દાખડો કરવાની **ભલામણ** કરી છે.

તેરમા પ્રસંગમાં મૂર્તિના સાક્ષાત્કારની સ્થિતિવાળા તથા આશરાની દઢતાવાળાનાં **લક્ષણ** જણાવી તે બંનેનું કલ્યાણ જણાવ્યું છે. તેમાં પણ ભગવદ્ આશરો તે ભવસાગર તરવાનો સહુથી સારો **ઉપાય** છે તેમ જણાવ્યું છે.

ભગવાનના ભક્તને પણ દેહ છે ત્યાં સુધી વિષય તો ભોગવવા જ પડે છે. એમાં પણ જેને વૈરાગ્યાદિ સાધનો નબળાં હોય તેવા ભક્તો માટે છેલ્લા બે પ્રસંગોમાં **અતિ સરળ ઉપાય** બતાવ્યાં છે. ઈન્દ્રિયો-અંતઃકરણ દ્વારા જે કાંઈ ક્રિયા થાય તેમાં સર્વત્ર ભગવાન શ્રીહરિનો સંબંધ જોડવાની **જોરદાર ટેકનિક** અર્થાત્ વિશિષ્ટ કળા કે પદ્ધતિ બતાવી છે.

આમ, માયિક વિષયોનો સંગ છોડી અખંડ ભગવત્પરાયણ રહેવા માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે.

આ ગ્રંથ સં. ૧૮૯૬ અષાઢ સુદ - ૧૧ નીમી એકાદશીએ વડતાલમાં રહીને પૂર્ણ કર્યો છે.

# ૮. ધીરજાખ્યાન - ગ્રંથસાર



જીવાત્માને ભગવાનની ભક્તિના માર્ગે ચાલવામાં અનેક પ્રકારની ટેક તથા નિયમોને દૃઢ પ્રતિજ્ઞાબધ્ધ થઈને પાળવાના હોય છે, તેમાં ઘણા લાંબા જીવનકાળ દરમ્યાન કેટલાંય વિઘ્નો કે વ્યક્તિઓ પ્રતિબંધ કરનારા મળે છે. ક્યારેક ભક્ત મીરાંબાઈની માફક પોતાના સંબંધીઓજ તેમાં અંતરાય કરે છે તો ક્યારેક ભક્ત પ્રહ્લાદ, બલિ વગેરેની માફક પોતાને લૌકિક જ્ઞાન આપવામાં માર્ગદર્શક માનેલા ગુરુ અથવા કુળ-કુટુંબ કે જ્ઞાતિ-સમાજના અગ્રગણ્ય કે પૂજ્ય મનાયેલા ગુરુ જેવા વ્યક્તિ પણ ભક્તિમાર્ગથી પાછા પાડવા માટે કે પોતાના ઈષ્ટદેવની આજ્ઞારૂપ ધર્મ-નિયમોમાંથી ડગાવવા માટે પ્રયત્ન કરે; તેમના તરફથી અનેક પ્રકારના

કષ્ટની પરંપરા સર્જાય, તિરસ્કાર કરે, માર મારે કે નાત બહાર મૂકી દે વગેરે અનેક કષ્ટો આવવા છતાં પણ જે 'न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः' આ ભર્તૃહરિની ઉક્તિ પ્રમાણે પોતે સમજી વિચારીને નક્કી કરેલા ધર્મનિયમ કે ભક્તિમાર્ગની એક પણ ટેકમાંથી ક્યારેય પાછો પગ ભરતા નથી તેને જ ધૈર્યવાન અર્થાત્ 'धिया रमन्ते ईति धीराः ।' એમ, સારી વિચાર-શક્તિથી સદા સુખી રહેનારા **બુદ્ધિશાળી** કે **શૂરવીર** પુરુષો માનેલા છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના એક મહાન **ભક્ત કવિ** પ્રીતમદાસે કહ્યું છે :-

**'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને;**
**પરથમ પહેલું મસ્તક મૂકે, વળતું લેવું નામ જોને.'**

આ પ્રમાણે જે શૂરવીર, બુદ્ધિશાળી અર્થાત્ ધીરજવાન પુરુષ હોય તે જ ભગવાનને રાજી કરવા માટે તેમની આજ્ઞાપાલનમાં હોંશપૂર્વક **આગેકૂચ** કરી શકે છે.

કોઈ સમયે ભક્તજનની કોઈ પ્રકારની **કસર** ટાળવા માટે અથવા તેની **પરિપૂર્ણતાની કસોટી** માટે સ્વયં ભગવાન પણ તેને દૈહિકાદિ કોઈ પ્રકારના **દુઃખની પ્રેરણા** કરે તો તેને પણ જે **હસતે મુખે** સહન કરી લે પણ તે કષ્ટમાંથી મુકાવવાની ભગવાનને **પ્રાર્થના** પણ ન કરે તેવો ધૈર્યવાન ભક્ત ભગવાનની અનન્ય **પ્રસન્નતાનું પાત્ર** બની જાય છે. ભગવાન પણ તેની ભક્તિથી વશ થઈ જાય છે !!

નીતિશતકમાં ભર્તૃહરિએ એક સરસ શ્લોક **ધીરજ વિષે** લખેલો છે :-

'प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः,
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः,
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ।।'

અર્થાત્ 'ભક્તિ આદિક **શુભ કાર્ય**નો **આરંભ** કરીશું તો તેમાં **વિઘ્ન** આવશે તો પાર નહિ પડીએ' એવું ધારીને કેટલાક પુરુષો સન્માર્ગમાં પ્રવૃત્તિ જ કરી શકતા નથી તેને **અધમ** (નીચી) કક્ષાના **પુરુષો** કહેલા છે.

જે લોકો **આરંભ** કરી દે છે. પરંતુ કોઈ પ્રકારનું **વિઘ્ન** આવે તો તેનો સામનો કર્યા સિવાય ત્યાં જ અટકી પડે છે. તેમને **મધ્યમ** કક્ષાના **પુરુષો** કહેવાય છે.

જે પુરુષો પોતે સમજી વિચારીને આદરેલું કોઈપણ સુયોગ્ય શુભકાર્ય તેમાં વારંવાર અનેક વિઘ્નો આવે તોપણ તે કાર્યને વળગી જ રહે છે, અને અધવચ્ચે નહિ અટકીને કાર્ય સિદ્ધિના લક્ષને પાર કરે છે. તેમને ધીરજવાન કે બુદ્ધિશાળી એવા **ઉત્તમ પુરુષો** કહેવાય છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા મધ્ય પ્રકરણના ૨૨માં **વચનામૃત**માં આ વાત **સ્વમુખે** કહેલી છે :- ''શૂરવીરને ઠેકાણે તો ભગવાનના **દૃઢ ભક્ત** છે. તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે...' એ ભક્તજનના હૈયામાં તો એમજ દૃઢ નિશ્ચય હોય જે 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી.' એમ દૃઢ નિશ્ચય હોય.

અને કાયરને ઠેકાણે જે **દેહાભિમાની** એવા ભગવાનના ભક્ત હોય તેને તો પ્રભુ ભજ્યામાં હજારો જાતના ઘાટ થાય કે 'જો કરડાં વર્તમાન થશે તો નહિ નભાય ને સુગમ વર્તમાન હશે તો નભાશે.' અને વળી એવો વિચાર પણ કરે જે 'આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ અને નભાશે તો હળવા હળવા સત્સંગમાં નભીશું.' એવો ભક્ત હોય તે **કાયર**ને ઠેકાણે જાણવો અને **શૂરવીર** જે ભગવાનના ભક્ત હોય તેને તો પિંડ-બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય.''

આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ દેહસુખને નહિ ગણનાર ધીરજવાન શૂરવીર ભક્તની પ્રશંસા કરી છે. આપણે વિશે પણ એવી જ ધીરજ સદાકાળ પ્રાપ્ત થતી રહે તે માટે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પૂર્વે થયેલા ૨૧ જેટલા આદર્શ ભક્તો કે મહાન ઋષિ-મહર્ષિઓના અનુપમ **ધીરજતા સભર** જીવન-પ્રસંગોના **આખ્યાનો**ને આ ગ્રંથમાં ખૂબજ સરસ રીતે ચોટદાર શૈલીમાં, પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિના ભક્તોને દરેક આખ્યાનની **પ્રેરણાદાયક અસર** થયા વિના રહે જ નહિ તે રીતે વર્ણન કર્યું છે. જેમને અતિ ઉત્તમ ભક્ત કે સંત બનવું હોય તેને માટે આ ગ્રંથ ખૂબજ **ઉપયોગી** છે.

સં. ૧૮૯૯માં ગઢપુર મુકામે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી દ્વારા લખાયેલા આ ગ્રંથમાં ૬૪ કડવા, ૧૬ પદ અને કુલ ૭૧૭ ચરણ છે.

# ૯. હરિસ્મૃતિ - ગ્રંથસાર




સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં મનની **અખંડવૃત્તિ** રાખવી એ **સૌથી મોટી પ્રાપ્તિ** છે. આ પ્રમાણે ગઢડાના પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતે જ કહ્યું છે તેમજ 'ભગવાનનું **અખંડ ચિંતવન** થવું તે કાંઈ થોડી (નાની) વાત નથી. ભગવાનનું ચિંતવન કરતાં કરતાં જો દેહ મુકે તો તે **અતિ મોટી પદવી**ને પામે છે.' આ પ્રમાણે ગઢડા મધ્ય પ્રકરણના ચોથા વચનામૃતમાં પણ ભગવાન શ્રીહરિએ કહ્યું છે, તેવી જ રીતે ગઢડા પ્રકરણના ત્રીજા વચનામૃતમાં પણ 'ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વેને સંભારી રાખવા. તે શા સારું જે, કદાપિ દેહ મુકવા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તોપણ જે સ્થાનકને વિષે ભગવાને લીલા કરી હોય તે જો સાંભરી આવે... તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે. અને તે (જીવ)નું ઘણું રૂડું થાય.' આ પ્રમાણે શ્રીજીમહારાજે સ્વમુખે જ ભગવાનની સ્મૃતિનો **અતિ કલ્યાણકારી મહિમા** ઘણા વચનામૃતોમાં કહેલો છે.

એજ પ્રમાણે ભગવાનની સ્મૃતિ સતત થતી રહે તે સારું સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ જે પોતે સાક્ષાત્ ભગવાન શ્રીહરિને **વિવિધ સ્થાને** જેવા જેવા નિહાળ્યા છે અર્થાત્ જે જે અંગોઅંગનું દર્શન, ભોજનાદિ વિવિધ લીલા-ચરિત્રો-ઐશ્વર્ય-પ્રતાપ આશ્ચર્યકારી અનેરી રીત-ભાત, દીનદયાળુ શ્રીહરિના કરુણાશીલાદિ વિવિધ કલ્યાણકારી અને દુઃખહારી સ્વભાવ તથા તે ભગવાને જેવા વસ્ત્ર-આભૂષણાદિ પરિધાન કરેલા છે તેમજ જે જે ભોજનાદિ વસ્તુઓને કે ફળાદિને જમતા જોયા છે તથા તેમાં જેવા જેવા પાત્રાદિનો ઉપયોગ કર્યો છે તે તમામ શ્રીજીમહારાજના પ્રસંગમાં આવેલ, ભગવાન શ્રીહરિએ અંગીકાર કરેલ વસ્તુઓનો પોતાની સગી આંખે કેમેરો ઉતારીને તેનું આ ભગવાન શ્રીહરિની સર્વદા સ્મૃતિ કરાવે તેવા, માટે જ અન્વર્થ નામાભિધાન કરેલા **'હરિસ્મૃતિ'** નામના ગ્રંથમાં **સાત ચિંતામણિ** અંતર્ગત ૩૫૧ કડીઓમાં અદ્ભુત રીતે વર્ણન કરીને આપણા જેવા ભવિષ્યમાં જન્મ લેનાર અનેક આત્માઓના અતિ સહેલાઈથી ઉદ્ધાર માટે ખૂબજ મોટો **ઉપકાર** કરેલો છે.

ભગવાનની મૂર્તિને જેમ **ચિંતામણિ તુલ્ય** કહી છે, તેમ ભગવાનનું અહર્નિશ અખંડ સ્મરણ કરાવનાર આ ગ્રંથના સાત પ્રકરણ-ભાગોને પણ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પોતે જ **ચિંતામણિ** નામ આપેલું છે. અને ત્યારબાદ તેના વિભાગોને સરળતાથી સમજવા માટે સંતોએ તેના અનુક્રમે (૧) મૂર્તિ (સ્વરૂપ) (૨) થાળ (ભોજન) (૩) વસ્ત્ર ભૂષણાદિ (ધારણ) (૪) દર્શન (૫) મૂર્તિ મહિમા (જીવન) (૬) સુખકારી (મૂર્તિ) અને (૭) આશ્ચરજકારી (મૂર્તિ) ચિંતામણી વગેરે **નામો** પણ આપેલા છે.

આ ગ્રંથનું વાંચન-પરિશીલનાદિ કરવાથી જરૂર ભગવાનનું સ્મરણ સર્વકાળે થયા જ કરે એવો **અદ્ભુત** ચમત્કૃતિવાળો આ **ગ્રંથ** છે. આ ગ્રંથનો અતિ **અપાર મહિમા** કોઈથી પણ યથાર્થ વર્ણન થઈ શકે તેમ નથી.

# ૧૧. અરજી વિનય - ગ્રંથસાર



ભગવાનને હૃદયના સાચા ભાવથી નમ્રભાવે અરજી (પ્રાર્થના) કરવી એ ભક્તજન માટે જરૂરી છે. પ્રાર્થના કરવામાં કેવી દીનતા દાખવવી જોઈએ, સાથે સાથે પ્રભુનો કેવો મોટો **મહિમા** સમજવો જોઈએ તે આ ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે. વિનયપૂર્વક કરેલી પ્રાર્થના ભગવાન જરૂર સાંભળે છે.

( **પ્રાર્થના એટલે** અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થતો પરમાત્મા સાથેનો નીરવ સંવાદ, ભાવાત્મક વાર્તાલાપ. ક્યારેક તેને વ્યક્ત કરવા આપણે શબ્દોનો આશ્રય લઈએ છીએ. યુગોથી માનવી પ્રાર્થનાથી જ પરમાત્મા સાથે તાર જોડતો આવ્યો છે. **પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યે પ્રેમનો સ્વીકાર;** જેમાં સંપૂર્ણ **સમર્પણ ભાવ** હોય, દાસત્વ ભાવ હોય, ઊંચે ઊઠવાનો ભાવ ન હોય, પરમાત્મા સાથેના **મિલનની ઝંખના** હોય.

પ્રાર્થના **હૃદયનો વિષય** છે. પ્રભુ પ્રત્યે પ્રેમ, ભક્તિ, લાગણી, ભાવના, ઊર્મિ વગેરે વહાવવાનું **અનેરું માધ્યમ** પ્રાર્થના છે. સાધના માર્ગે ડગ માંડતો સાધક ક્યારેક સંસાર-મોહમાં લપસે ત્યારે પ્રાર્થના એને ચેતનવંતો કરે છે, બળ પૂરે છે. સાધકને પણ આત્મામાં **પ્રતીતિ** આવે છે કે પ્રભુએ મારું કાંડું ઝાલ્યું છે. મને બચાવ્યો છે, નિષ્પાપ કર્યો છે. પ્રાર્થનામાં હૃદય, મન, વાણી અને ઈન્દ્રિયો-અંતઃકરણ સહિત આત્મા સામેલ થાય છે ત્યારે એને **ઉત્કૃષ્ટ-અનુભૂતિ** પણ થાય છે.

પ્રાર્થનાથી **પરમાત્મા પ્રત્યેનો પ્રેમ** દૃઢ થાય છે, **શુભ ભાવનાઓ** અંતરમાં ઘૂટાય છે. પ્રેમ હંમેશા આપતાં શીખ્યો છે, માગતાં નહીં. આવો શુદ્ધ પ્રેમ અંતરમાં પ્રગટ થતો જાય તેમ તેમ **વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના,** સર્વત્ર **આત્મીય ભાવના** જાગૃત થાય છે. વ્યક્તિના આંતરિક માન, ઈર્ષ્યા, રાગ-દ્વેષ વગેરે દોષોનું શમન થાય છે. આથી આંતરિક શાંતિ તો મળે જ છે, પરંતુ આંતરિક **સંઘર્ષો**ને કારણે થતા શારીરિક **રોગો**નું પણ **નિવારણ** સહેજે થઈ જાય છે.)

આ અરજી વિનય ગ્રંથમાં ભગવાનના વિરહમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાનના ગુણ અને પોતાને વિષે જે રીતે અવગુણ કે નાનાપણું સમજીને પ્રભુને આર્તભાવે **પ્રાર્થના** કરી છે, તેવી પ્રાર્થનાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. આ સાથે પ્રાર્થનામાં દીનતા દાખવવામાં જરૂરી એવા **વિનય**નું પણ આ ગ્રંથમાં સરસ **નિરૂપણ** કરવામાં આવેલું છે. તેથી આ ગ્રંથનું નામ પણ **'અરજી વિનય'** એવું સાર્થક છે.

આ ગ્રંથમાં જૂના હસ્ત લિખિત ગ્રંથો પ્રમાણે ૧૦૨ કડીઓ અને (વિનય છંદનું અષ્ટક એક જ કડીમાં ગણેલું હોવાથી) ૧૦૯ ચરણ છે.

# ૧૨. કલ્યાણ નિર્ણય - ગ્રંથસાર



આ ગ્રંથમાં મુક્ત (અર્થાત્ કોઈ મહાન સંત) અને મુમુક્ષુ (મોક્ષની ઈચ્છાવાળો જિજ્ઞાસુ સાધક)ના સંવાદથી **આત્યંતિક કલ્યાણ** (જેની પ્રાપ્તિ થયા પછી બીજું કાંઈ મેળવવાનું બાકી ન રહે તેવું કલ્યાણ) કોને કહેવાય અને તેવા કલ્યાણની પ્રાપ્તિના મુખ્ય ઉપાયો શા છે ? તો બાબત ખૂબજ ચોકસાઈ અને સ્પષ્ટતાપૂર્વક, મુમુક્ષુજનના પ્રશ્નના ઉત્તરરૂપે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં ખૂબજ સારી રીતે સમજાવેલ છે. માટે આ ગ્રંથનું નામ પણ **'કલ્યાણ નિર્ણય'** એવું **સાર્થક** જ રાખેલું છે.

આત્યંતિક કલ્યાણ એટલે ? સાક્ષાત્ પ્રભુપદની પ્રાપ્તિ, જેને પરમપદ પણ કહેવામાં આવે છે. આ પરમપદની પ્રાપ્તિ માટે વિવિધ મતવાદીઓમાં કેવા અનેકવિધ મત પ્રવર્તે છે તેનું તથા માનેલા ધ્યેયની સિદ્ધિ માટે વિવિધ ઉપાસકો કેવા-કેવા દાખડા કરે છે તે બધું સચોટ દાખલા-દૃષ્ટાંતે સહિત આ ગ્રંથમાં નિરૂપવામાં આવ્યું છે. આ માર્ગમાં કેવી કેવી ભૂલ-ભૂલામણીઓ રહી છે તે પણ નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથના વક્તા-મુક્તપુરુષના માધ્યમથી દરેકને યથાર્થ ઓળખાવ્યું છે.

આ લોકમાં અનેક પ્રકારના કલ્યાણ માનેલા છે. જેમ કે કોઈને ચપટી લોટ આપે અને 'કલ્યાણં ભવતુ' એવો આશીર્વાદ મળે તે પણ એક કલ્યાણ મનાય છે, પરંતુ ખરેખર સાચું અને સર્વશ્રેષ્ઠ કલ્યાણ તો એ જ છે કે :-

**'જેને ફરી ન પડે ફરવું રે, તેને આત્યંતિક શ્રેય કરવું રે;**
**તેહ વિના તો કલ્યાણ કાચું રે, પામી પડવું પડે છે પાછું રે.'** (૨/૨૪)

અર્થાત્ જે એકવાર મળે પછી ક્યારેય ન ટળે એવું જે સર્વશ્રેષ્ઠ સુખ તે જ આત્યંતિક કલ્યાણ છે. અને એવા તો એક માત્ર ભગવાન પુરુષોત્તમ જ છે. તેની સાક્ષાત્ પ્રાપ્તિ થાય તે જ આત્યંતિક મોક્ષ કે કલ્યાણ કહેવાય. જે નાશવંત હોય તે સાચું કલ્યાણ કહેવાય જ નહિ.

આ આત્યંતિક કલ્યાણ કેવી રીતે થાય તેના ઉત્તરમાં નિષ્કુળાનંદ સ્વામીએ નીચે મુજબ સાત પ્રકારે તેના ઉત્તર આપેલ છે :-

**'મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે,**
**કાં તો તેના મળેલે કલ્યાણ રે;**
**તેહ વિના તો કોટિ ઉપાયે રે,**
**આત્યંતિક કલ્યાણ ન થાયે રે.'** (૨/૧૮)

અર્થાત્ (૧) આ લોકમાં અવતરણ કરીને વિચરતા સાક્ષાત્ ભગવાન મળે કે (૨) તેમને મળેલા (તે ભગવાનની આજ્ઞામાં રહેનારા સંતપુરુષ)નો યોગ થાય તો તેમના આશ્રયથી પણ જીવનું કલ્યાણ થાય છે. તે પણ કહ્યું છે :-

**'માટે જેને મળ્યા મહારાજ રે,**
**એવા સંતથી સરે છે કાજ રે;**
**હરિ સાથે હોય હળ્યા મળ્યા રે,**
**પ્રભુ પ્રગટ પામી તાપ ટળ્યા રે.'** (૪/૫)

(૩) જેમ સાક્ષાત્ ભગવાન અને તેમને મળેલા સંતની પ્રાપ્તિથી કલ્યાણ થાય છે તેમજ શાસ્ત્રથી પણ કલ્યાણ થાય છે. તે શાસ્ત્રો પણ **'શાસ્ત્ર શ્રીમુખના જેહ વેણ રે...'** (૪/૨૦) એમાં કહ્યાં મુજબ પ્રગટ ભગવાનના સાક્ષાત્ વચનો રૂપી જે શાસ્ત્ર હોય તથા તેમણે માન્ય કરેલા જે શાસ્ત્રો હોય તે મોક્ષમાં ઉપયોગી થાય છે. (અન્ય શાસ્ત્રોથી કલ્યાણ ન થાય.)

(૪) પ્રત્યક્ષ પ્રભુ અંતર્ધાન થયા પછી તેમના કુળના સભ્યજનોના પ્રસંગથી કલ્યાણ થાય કે કેમ ? તેના ઉત્તરમાં કહે છે :- પ્રત્યક્ષ પ્રભુના કુળના સંબંધી પણ જો સારા ધર્માદિ ગુણ સંપન્ન હોય તો તેમનાથી કલ્યાણ થાય, એકલા કુળ માત્રથી ગૌરવ નથી પણ ગુણથી ગૌરવ અર્થાત્ મહિમા છે. અને તે હેતુથી જ ભગવાન શ્રીહરિએ પણ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના ૪/૪૬/૨૩માં સર્વ મનુષ્યમાત્રમાં શ્રેષ્ઠ એવા પણ ધર્મદેવના કુળના દરેક સભ્યોની અપેક્ષાએ કલ્યાણકારી સર્વગુણ સંપન્ન એવા વિદ્યમાન આચાર્યશ્રીની જ મહત્તા સૌથી વિશેષપણે સ્વમુખે જ કહેલી છે :- 'संपन्नोऽपि गुणैः सर्वैर्धर्मवंश्यो न चेत्तु यः । स गुरुर्नैव कर्तव्यः संसृतेर्मुक्तिमिच्छता ।।' - અર્થાત્ ધર્મકુળમાંથી પણ જે ધર્મવંશી વ્યક્તિની ભગવાન શ્રીહરિ સ્થાપિત આચાર્યપરંપરાની વિશુદ્ધ પ્રણાલિકા મુજબ આચાર્યપદે સ્થાપના થયેલ હોય તેમનો આશ્રય કરવાથી જ જીવાત્માનું કલ્યાણ થાય છે. તે સિવાય ગુણવાન એવા પણ અન્ય ધર્મવંશીનો ગુરુ તરીકે આશ્રય કરવાની સ્પષ્ટ ના કહેલી છે. એમ ધર્મવંશી આચાર્યશ્રીની અધિકતા બતાવી છે.

(૫) એક અવતારથી અનેક ભક્તોના ઈચ્છિત કાર્યો થાય નહિ, માટે દેવ, મનુષ્ય, પશુ-પક્ષીમાં જ્યાં જ્યાં ભગવાનના અવતાર થાય છે તેમના તથા તેમના સંત કે ભક્તોના ઉપયોગમાં જે કોઈ સ્થાવર-જંગમ વસ્તુઓ વર્તમાનકાળે કે ભવિષ્યમાં પણ ઉપયોગમાં આવે છે તેનું પણ (બીજબળ વધવાથી) ધીરે ધીરે કલ્યાણ થાય છે.

(૬) જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ હોય તેવા ભક્તજને (સેવકે) ભગવાનને રાજી કરવા માટે કેમ જીવવું અર્થાત્ પોતાનું મનગમતું મૂકીને ભગવાનની આજ્ઞા અનુસાર કેવી રીતે વર્તવું તે વાત નિર્ણય - ૧૩માં ખૂબ સરસ રીતે વર્ણવી છે :-

**'મેલી ગમતું નિજ મનનું, રહે હરિ આજ્ઞા અનુસાર;**
**સાચો મુમુક્ષુ એ માનવો, નિશ્ચય કરી નિરધાર.'**
(૧૩/૪)

આ વાત પણ મુમુક્ષુએ સમજવા જેવી ખાસ મુદ્દાની છે. તેમજ

**'સાચા સંત કે શ્રીહરિ સોય રે,**
**જીવ તારવા એ જગે દોય રે;**
**તેહ વિના જે સંત કહેવાય રે,**
**તેહ સંતથી કાજ ન થાય રે.'** (૪/૧૩)

(૭) પ્રગટના મળેલા સંત હોય તથાપિ જો ભગવાનના વચનથી બહાર વર્તતા હોય તો તેનાથી પણ કલ્યાણની આશા રાખી શકાય નહિ. આ બાબત પણ ખૂબ સમજવા જેવી ૧૭માં નિર્ણયમાં સમજાવેલી છે. (અર્થાત્ ભગવાન મળ્યા પછી પણ તેમની આજ્ઞામાં વર્તવાથી જ કલ્યાણ થાય છે અને તેને જ **સાચા સંત** કહેવાય છે.)

આ મોક્ષોપયોગી **અનેક મુદ્દાઓ** ઉપર સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ **નિર્ણયો** આપેલા છે. આ ગ્રંથમાં ૧૮ નિર્ણયો (અધ્યાયો) મોક્ષમાર્ગમાં અતિ ઉપયોગી-મહત્ત્વના છે. તેના સોરઠા-દોહા અને ચોપાઈ ત્રણે મળી કુલ ૫૪૨ કડીઓ છે.

# ૧૩. અવતાર ચિંતામણી - ગ્રંથસાર

આ ૩૩ ચોપાઈઓમાં ગુંથાયેલા ગ્રંથમાં સૌપ્રથમ ચોપાઈમાં **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની સર્વોપરિપણાની **વિશેષતા** વર્ણવીને ત્યારબાદ ચોપાઈ નં. ૨થી ૩૧ સુધીમાં તે જ ભગવાનના અન્ય જુદા જુદા પ્રયોજનથી ધરેલા ૩૦ અવતારોનું તેમના (અવતરણ-હેતુ) કાર્ય સહિત અનુક્રમે એક એક ચોપાઈમાં **અવતાર**ની **લીલા**નું ખૂબ સંક્ષેપથી છતાં સરસ અને સુંદર રીતે **વર્ણન** કરેલું છે. આમાં એક એવો સંકેત પણ છે કે એક માણસે મનમાં ધારેલો અવતાર બીજો માણસ (માત્ર શ્લોક-નંબર જણાવવાથી) સ્વયં કહી શકે છે, તેને જોવાનો સંકેત પણ અત્રે ગ્રંથ સાથે (કોષ્ટકમાં) આપેલ છે. આ ગ્રંથના સેવનથી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે તેમની અનેક અવતારલીલાનું પણ અવતારહેતુ સહિત સહેજે **સ્મરણ** થાય છે.

**'આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર;**

**પણ સર્વના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ'** (૩૨)

આ રીતે અંતમાં પણ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું સર્વાવતારીપણે વર્ણન કરીને ગ્રંથની સમાપ્તિ કરેલ છે.

# ૧૪. ગુણગ્રાહક - ગ્રંથસાર

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં વિશ્વની અનેકવિધ વસ્તુઓમાં જે કાંઈ સારા ગુણો છે તે બતાવી તેની કોઈક યોગે કરીને વિશેષતા કે ન્યૂનતા, ગ્રાહ્યતા કે અગ્રાહ્યતા પણ છે તે બતાવી છે. જનસમાજમાં સહુ કોઈને ગુણવાન જ પ્રિય લાગે છે. ગુણહીન-દુર્ગુણી કોઈને ગમતો નથી. માટે મુમુક્ષુએ કે ડાહ્યા માણસોએ ભગવાનને પ્રસન્ન કરવા માટે જીવનમાં સારા **સદ્‌ગુણો** અવશ્ય કેળવવા જોઈએ.

ગુણ ગ્રહણ કરવાની બાબતમાં નિષ્કુળાનંદ સ્વામીએ તેમનો **સિદ્ધાંત** જણાવ્યો છે કે, જેનાથી ભગવાન શ્રીહરિ રાજી થાય કે તેમની સેવાના ઉપયોગમાં આવે તે જ સહુથી શ્રેષ્ઠ ગુણ, વસ્તુ કે વ્યક્તિ (શ્રેષ્ઠ) છે. જે કોઈપણ પદાર્થ જગતની દૃષ્ટિએ ભલે તે ગમે તેવું સારું ગણાતું હોય, પણ જો ભગવાનને અર્થે કામ ન આવે તો તે આધ્યાત્મિક દૃષ્ટિએ (જીવાત્માના મોક્ષ માટે) બિલકુલ નકામું છે. માટે ભગવાનના ભક્તોએ પોતાનું દેહ-ગેહ, ધન-ધામાદિ સ્વાત્મા સહિત સર્વસ્વ ભગવાનને અર્થે જ કરી રાખવું એ **સર્વોત્તમ ગુણ** છે.

જે ભક્તજન પોતાના મનના ભૂંડા સંકલ્પ ટાળવા વગેરે સદ્‌ગુણ સંપૂર્ણપણે પ્રાપ્ત ન કરી શકે તો પણ ભગવાનને આશરે જઈને દીનભાવથી ભગવાનની **પ્રાર્થના** કરતો રહે છે, તેનાથી પણ તેની ઉપર **ગુણગ્રાહક** ભગવાન શ્રીહરિની કૃપા જરૂર થાય છે. અને તે ભક્તનું **નિર્વિઘ્ન કલ્યાણ** પણ જરૂર કરે છે. માટે આપણે પણ ગુણગ્રાહક ભગવાનને રાજી કરવા માટે સદાય **ગુણગ્રાહી** જ બનવું જોઈએ.

હિન્દી ભાષામાં રચાયેલા આ ગ્રંથમાં કુલ ૧૦૧ દોહા છે. આ ગ્રંથના સેવનથી ભગવદ્‌ભક્તોની દૃષ્ટિ ગુણગ્રાહક અર્થાત્ ભગવાનના સંબંધવાળી વસ્તુઓમાં જ પ્રીતિ યુક્ત થાય છે. માટે આ હેતુથી જ આ ગ્રંથનું નામ **'ગુણગ્રાહક'** એવું સાર્થક જ રાખવામાં આવેલું જણાય છે.

# ૧૫. મનગંજન - ગ્રંથસાર



આ ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ રૂપક શૈલીથી જાણે કે, મુમુક્ષુના અંતઃકરણનો **એક્સ-રે** ઉતારીને આ ગ્રંથમાં ગોઠવી દીધો હોય તેવું સ્પષ્ટ ચિત્રનું **નિરૂપણ** કર્યું છે.

આ દેહરૂપી નગરમાં જીવરૂપી રાજા છે, તેના **બે દીવાનો** છે : (૧) નિજમન (૨) પરતક મન. આ બંને **પરસ્પર** વિરુદ્ધ વિચારધારા વાળા છે.

નિજમન એટલે જીવને અત્યંત અનુસરનાર તેનું ધર્મભૂત જ્ઞાન. અર્થાત્ (જ્ઞાનશક્તિ યુક્ત) જીવ પોતે. પરતક મન એટલે ઈન્દ્રિયો તથા વિષય સાથે ભળેલું - મલિન વાસનાવાળું પ્રતિકૂળ મન. નિજમન ભગવાનની આજ્ઞા પ્રમાણે રહેવા ઈચ્છે છે. પરતક મન મનમાન્યા ભોગસુખ ઈચ્છે છે. તે હેતુથી કાયમીક કંકાસ ચાલુ જ રહે છે. તેમ કરતાં છેવટે **યુદ્ધ**નો **આરંભ** થાય છે, બંને પોતપોતાનું બળ તથા સહાયક યોદ્ધાઓનું સામર્થ્ય બતાવે છે. પરતક (પ્રતિકૂળ) મન સામે ચડી આવીને પોતાના કામ-ક્રોધાદિ બાણો ફેંકે છે, પણ પ્રભુ-કૃપાથી નિજમનને કાંઈ થતું નથી. અંતે જીવાત્માની સાથે રહેલા પરમાત્માની સહાયથી તેમજ સદ્‌ગુરુની કૃપાથી **નિજમન** (જીવને અનુકૂળ જ્ઞાનશક્તિરૂપ મન) પરતક મનને જીતી લે છે. નિજમન **પ્રધાનપદે** આવવાથી કાયાનગરમાંથી અનીતિ અને અન્યાય દૂર થાય છે. અને ન્યાય-નીતિથી રાજ્ય ચાલે છે. પરતક મન પણ જ્યારે નિજમનને જ આધીન રહીને શુભ કાર્યોમાં સહાયક બની રહે છે ત્યારે જ જીવાત્મા પોતાના કાયાનગરમાં વાસ્તવિક અર્થમાં **રાજા** બને છે. અને ભગવાનની આજ્ઞા મુજબ ભાગવત ધર્મ પ્રમાણે પોતાનું શાસન ચલાવી સ્વાશ્રિત સહુને **સુખિયા** કરી શકે છે.

આ રૂપક નિમિત્તે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાનના ભક્ત મુમુક્ષુજનોએ મન સાથે કેવો **વૈરભાવ** રાખવો; તેને જીતવા માટે કેવી **સમજણ** રાખવી; કોની સહાયથી મન સામે **જીત** મેળવવી - આવી અનેક બાબતો પર ગહન વિષય હોવા છતાં ખૂબજ રોચક રીતે છણાવટ કરેલી છે. જે મોક્ષાર્થી માટે **અત્યંત ઉપયોગી** છે. ગ્રંથના સારરૂપે છેલ્લે સહુને **ભલામણ** કરેલી છે કે :-

**'ભજો જે કોય ભગવાનને, તે તજો સબે મન સંગ;**
**માનો નહિ શીખ મનની, જો ઈચ્છે સુખ અભંગ.'** (૧૭૨)
**'કોટિ ઉપાય જો કરતાં, જીત્યો મન નવ જાય;**
**જીતે તે જન જક્તમાં, જેહને સદ્‌ગુરુ સહાય.'** (૧૭૩)

કુલ ૧૮૭ દોહા તથા છંદનો આ નાનકડો છતાં ખૂબ બળવાન ગ્રંથ સં. ૧૮૭૧ના શ્રાવણ સુદ - ૭ના દિવસે પૂર્ણ થયો છે. પોતાના મનરૂપ **દુશ્મન**નો **ગંજન** એટલે કે પરાજય આ ગ્રંથમાં બતાવેલો હોવાથી **'મનગંજન'** એવું નામ સાર્થક છે.

# ૧૬. ચોસઠપદી - ગ્રંથસાર



આ ગ્રંથમાં આઠ-આઠ પદના આઠ વિભાગ છે. તેથી આ ગ્રંથનું **'ચોસઠપદી'** એવું નામ અન્વર્થ જ રાખવામાં આવેલું જણાય છે. માત્ર શાસ્ત્રમાં કહેલ સંતમહિમાના વચનોને જ સાંભળીને, તેમના શાસ્ત્રોક્ત નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માનત્વાદિ **કલ્યાણકારી ગુણો**ને જાણ્યા વિના જ જ્યાં ત્યાં અર્થાત્ પંચવર્તમાનાદિ પરમેશ્વરે બાંધેલ મર્યાદાને નહિ પાલન કરનાર અને માત્ર દેહનું જ સુખ પ્રાપ્ત કરવા માટે ત્યાગી થઈને પણ સ્ત્રી-ધનાદિના શાસ્ત્ર નિષિદ્ધ પ્રસંગમાં આસક્ત હોય તેમજ સારાં સારાં ભોજનાદિ પદાર્થમાં બંધાયેલ હોય તો તેનાથી ક્યારેય પણ; મોક્ષની અભિલાષા ધરાવનાર મુમુક્ષુજનોને મોક્ષ ઉપયોગી સદ્‌ગુણોની પ્રાપ્તિ થતી નથી, એટલું જ નહિ પણ તેવા અસાધુજનના પ્રસંગથી પોતાનામાં પણ તેવા દુર્ગુણો પ્રવેશ કરે તો **જીવનું કલ્યાણ** જરૂર બગડી જાય છે. માટે પોતાના આત્માનું પારલૌકિક શ્રેય ઈચ્છતા મુમુક્ષુજને પોતાની શ્રદ્ધાનું કેન્દ્રસ્થાન બનાવવા યોગ્ય સંત કે સાધુજનોના **સાધુતાના સદ્‌ગુણો** ખાસ જાણી જોઈને પછીથી જ તેમનો શાસ્ત્રોમાં બતાવેલ મહિમા પણ યથાર્થ જાણીને મન સોંપીને સત્સંગ કરવાથી તેમના જેવા કલ્યાણકારી ગુણોની પ્રાપ્તિથી જીવનું કલ્યાણ **ચોક્કસ** થાય છે; તે માટે કલ્યાણના માર્ગમાં આ પ્રકારના વિવેકની સૌપ્રથમ પાયાના પત્થર તરીકે જ જરૂર પડે છે. આ ચોસઠપદીમાં સાધુ અને અસાધુના ગુણ અને દોષને તેમની વાણી ઉપરથી ઓળખી લેવાની **અદ્‌ભુત કળા** બતાવવામાં આવી છે. આ રીતે આ ગ્રંથ દરેક મુમુક્ષુને તો અવશ્યપણે **હિતકારી** છે જ; પરંતુ ત્યાગીઓ માટે તો ખાસ **જીવનપ્રાણ સમાન** આ ગ્રંથ દેહાંત પર્યંત **અતિ ઉપયોગી** છે. તે માટે આ ગ્રંથને કંઠસ્થ કરીને કાયમીક બોલવાની પ્રથા ઘણાક સંતોના મંડળોમાં આજ સુધી ચાલી આવેલ છે.

આ ચોસઠપદીમાં આ નીચે દર્શાવેલ **આઠ બાબતો**નું સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ **અદ્‌ભુત વર્ણન** કરેલું છે :-

(૧) સંત-અસંતના લક્ષણો, તેમના ગુણ-દોષને ઓળખવાની રીત તથા સદ્‌ગુણ યુક્ત સાધુનો મહિમા અને અસાધુના સેવનથી થતી હાનિ. (પદ - ૧ થી ૧૬)

(૨) ત્યાગીજનને વૈરાગ્ય તથા સદાય સંભારવા યોગ્ય જીવનધ્યેયનો ઉપદેશ. (પદ - ૧૭ થી ૨૪)

(૩) સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનો અનેકવિધ કલ્યાણકારી મહિમા તેમજ એવા ભગવાન શ્રીહરિ અને તેમના સંતો સાથે દાસભાવે વર્તવાની ટકોર. (પદ - ૨૫ થી ૩૨)

(૪) અંતઃશત્રુઓથી સદાય સાવધાન રહેવાની ભલામણ. (પદ - ૩૩ થી ૪૦)

(૫) સદ્‌ગુણી સાચા સંતનો સમાગમ અને અસંતનો ત્યાગ કરવાની ભલામણ. (પદ - ૪૧ થી ૪૮)

(૬) મનને અવળાઈ ત્યાગનો ઉપદેશ. (પદ - ૪૯ થી ૫૪)

(૭) અક્ષરધામની વિશેષતા. (પદ - ૫૫ થી ૫૬)

(૮) ભગવાનની પ્રત્યક્ષ પ્રાપ્તિનો કેફ અને અક્ષરધામ વર્ણન. (પદ - ૫૭ થી ૬૪)

આ રીતે આ ગ્રંથમાં ખૂબજ ચોક્કસાઈથી નિરૂપણ કરાયેલ આ **તમામ બાબતો**નું જીવનમાં **અનુસંધાન** રાખવાથી પોતાના જીવાત્માનું નિર્વિઘ્નપણે **આત્યંતિક કલ્યાણ** અર્થાત્ સર્વોપરિ અક્ષરધામની પ્રાપ્તિ અવશ્ય થાય છે, એવો આ ગ્રંથનો **અતિ સુખકારી** મહિમા ખૂબજ **પ્રસિદ્ધ** છે.

# ૧૭. ચિહ્ન ચિંતામણિ - ગ્રંથસાર



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં તેમના સર્વોપરિ-પુરુષોત્તમપણના સૂચક ચિહ્ન છે, ચિંતામણિ તુલ્ય તે દરેકનું ધ્યાન કરવાથી થતું વિવિધ ફળ આ ગ્રંથમાં વર્ણવ્યું છે.

હિન્દી ભાષામાં રચાયેલ આ ગ્રંથમાં ૧૬ દોહા છે. આ ગ્રંથમાં પણ અવતાર ચિંતામણિની માફક અન્ય વ્યક્તિએ મનમાં ધારેલાં ચિહ્નને કોષ્ટકની મદદથી ઓળખી આપવાનો સંકેત ગ્રંથની સાથે જ આપેલો છે.

**ભગવાન શ્રીહરિના જમણાં ચરણારવિંદમાં (ક્રમશઃ) નવ ચિહ્નો :**

**૧. જવ :** સંસ્કૃતમાં તેને યવ કહે છે. ઘઉંના જેવો જ દાણો હોય છે. તેનો રંગ ઘઉં કરતાં થોડો જુદો પડે છે. જવ આકારનું આ ચિહ્ન અંગુઠા અને ઊર્ધ્વરેખાના મૂળમાં છે. **ફળ :-** જવ ચિહ્નનું સ્મરણ કરનારના તમામ પાપો નાશ પામે છે, મન નિર્મળ થાય છે. પરમાત્માનો દૃઢ સંયોગ થાય છે. આત્મા અને પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જવને ધાન્યનો રાજા કહ્યો હોવાથી તેના ધ્યાનથી ધન-ધાન્ય સમૃદ્ધિ રહે છે.

**૨. વજ્ર :** ત્રિશૂળના જેટલું લાંબું ઈન્દ્રનું એક શસ્ત્ર, જે આગળના ભાગમાં લંબગોળ, અણીદાર હોય છે. **ફળ :-** વજ્ર ચિહ્નનું ધ્યાન કરનાર અંતઃશત્રુઓનો વિનાશ કરે છે. આસક્તિથી દુર્વિષયોમાં અહીંતહીં ભટકતા મનપંખીની પાંખો કાપીને તે મનપક્ષીને ભગવાનના સ્વરૂપમાં વિરામ આપે છે.

**૩. જાંબુ :**જાંબુના ફળ જેવું ચિહ્ન. **ફળ :-** જાંબુ ચિહ્નનું ધ્યાન ધરનારનું મન માયિક વિષય તેમજ આ લોક, સ્વર્ગલોકમાં પણ મન ઠરતું નથી. જેમ જાંબુફળમાં અન્ય ફળ કરતા વિશેષ રસ છે તેમ પરમાત્માનું સ્વરૂપ સર્વે રસથી ભરપૂર છે. જાંબુ ચિહ્નનું ધ્યાન ધરનાર એ રસ ભરપૂર પરમાત્માના સ્વરૂપને માણે છે.

**૪. કેતુ (ધ્વજ) :** અર્થાત્ ધજા, મંદિરના શિખર ઉપર તથા સેનામાં મુખ્ય યોદ્ધાઓના રથ ઉપર આ ધજા વિજયના પ્રતીકરૂપે શોભે છે. **ફળ :-** જેમ પવનના આધારે ધજા ફરકે છે તેમ ભક્ત ભગવાનની આજ્ઞાના આધારે વર્તે છે અને સુખ પામે છે. ધ્વજ (કેતુ) ચિહ્નનું ધ્યાન કરનાર કામદોષ પર વિજય મેળવે છે. માયિક વિષય વાસના ટાળીને સાધક નિર્ભય બને છે.

**૫. પદ્મ :** અર્થાત્ સરોવરમાં ખીલેલ કમળપુષ્પ, લક્ષ્મીજીનું આસન. **ફળ :-** કમળ ચિહ્નનું ધ્યાન કરનાર સાધક જળકમળવત્ નિર્લેપ સ્થિતિ પ્રાપ્ત કરે છે અને ભગવાનના ચરણકમળમાં મનને સ્થિર કરે છે. દૂષિત જળમાં રહેવા છતાં સાધકને સંસાર બાધ કરતો નથી. જેમ કમળ પાણીમાં ડૂબી જતું

નથી તેમ ભક્ત અહં-મમત્વ અને જગતના પદાર્થોના જળમાં ડૂબી જતો નથી. એવા શુદ્ધ ભક્તનું હૃદય પણ કમળ સમાન છે તેથી ભગવાન એવા હૃદયકમળના આસન પર બિરાજમાન થાય છે.

**૬. અંકુશ :** હાથીને વશ કરવા માટે વપરાતું નાનકડું હથિયાર. જેની આગળના ભાગમાં એક અણીદાર સીધું અને બીજું અણીદાર વળેલ પાંખિયું હોય છે તેવું ચિહ્ન. **ફળ :-** અંકુશ ચિહ્નનું ધ્યાન કરનાર સાધક મદ ઝરતા અતિ કામી બનેલા હાથી સમાન મનને વશ કરીને ભગવાન ભજવામાં બળવાન બને છે. અંકુશ સમાન ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિક ગુણોની પ્રાપ્તિ થાય છે.

**૭. ઊર્ધ્વરેખા :** અંગુઠા અને આંગળીની વચ્ચેથી પસાર થઈને નીકળી પાનીની બંને કોરે ફેલાતી રેખા. **ફળ :-** ઊર્ધ્વરેખાનું સ્મરણ કરનારનું મન ઊર્ધ્વગતિને પામે છે, જ્યાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, મૂર્તિમાન અક્ષર તથા મુક્તો બિરાજમાન છે તેવા ઊર્ધ્વ ધામમાં ધ્યાન કરનારની ગતિ થાય છે.

**૮. અષ્ટકોણ :** જમણાં ચરણમાં આઠ ખૂણા યુક્ત ચિહ્ન. **ફળ :-** અષ્ટકોણનું ધ્યાન કરનાર ભક્ત અષ્ટાંગ યોગનું ફળ પ્રાપ્ત કરે છે, અષ્ટ આવરણથી પાર ભગવાનના અક્ષરધામમાં પહોંચે છે, જ્યાંથી જન્મમરણના ચક્રમાં પાછું પડવાનું નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્યાવારિધિ વિદ્વાન પંડિતવર્ય સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી તો **'શ્રીહરિદિગ્વિજય'** ગ્રંથમાં કહે છે કે, ''ભગવાનના જમણા ચરણના અષ્ટકોણ ચિહ્નના ધ્યાનથી અષ્ટાંગયોગ સિદ્ધ થઈ જાય છે. અને અસંપ્રજ્ઞાત સમાધિ સુધી પહોંચી જવાય છે.''

**૯. સ્વસ્તિક :** જેને પ્રાદેશિક ભાષામાં સાથિયો અથવા સાંખીયો કહે છે તેવું માંગલિક ચિહ્ન, જે ચારે દિશાઓમાંથી ભગવાનની શક્તિને કેન્દ્રમાં આકર્ષિત કરવાનો નિર્દેશ કરે છે. **ફળ :-** સ્વસ્તિક શબ્દનો અર્થ થાય છે, સારું અસ્તિત્વ કરનાર. તેનું ધ્યાન કરનારનું અસ્તિત્વ મંગલમય બને છે. જીવનમાંથી તમામ અમંગળ દૂર થાય છે ને મંગળ છવાય છે, એકાંતિક-નિર્ગુણ સ્થિતિ પ્રાપ્ત કરાવે છે, ભગવાન સાથેનો અવિચ્છિન્ન સંબંધ દઢાવે છે.

## ભગવાન શ્રીહરિના ડાબા ચરણારવિંદમાં (ક્રમશઃ) નવ ચિહ્નો :

**૧. કળશ :** પાણી ભરવા માટે વપરાતું તાંબાનું જળપાત્ર. અમૃતકળશ નામથી પણ આ ચિહ્ન ઓળખાય છે. **ફળ :-** અમૃતકળશ પૂર્ણતાનું પ્રતીક છે. આ કળશ ચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત પૂર્ણકામપણાને પામે છે, અક્ષરરૂપ અમૃતત્વને પામે છે. જેમ પૂર્ણ કળશ શિખરથી શોભાયમાન મંદિરના સર્વોચ્ચપદે ચઢે છે તેમ ભક્ત ભગવાનના સર્વોપરી અક્ષરધામમાં ગતિ પ્રાપ્તિ કરે છે.

**૨. અર્ધચંદ્ર :** સાતમ અથવા અષ્ટમીને દિવસે ઊગેલ ચંદ્ર જેવું ચિહ્ન. **ફળ :-** ચંદ્ર શીતળતાનું દ્યોતક છે. આ ચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત તમામ દાહથી મુક્ત થઈને હૃદયમાં શીતળતા પ્રાપ્ત કરે છે, હૃદય આનંદથી ઊભરાય છે, મનની ઉદાસીનતા ટળીને પ્રફુલ્લિતતા પથરાય છે. આ ચિહ્નનું ધ્યાન કરનારના અંતરમાં ઉજાસ થાય છે. જેમ ચંદ્રને દેખીને પોયણા (રાત્રે ખીલતા કમળો) ખીલે છે તેવી રીતે આ ચિહ્નના ધ્યાનથી સાધકના અંતરમાં ભગવદ્‌શક્તિ ખીલી ઊઠે છે.

**૩. વ્યોમ :** વ્યોમ અર્થાત્ આકાશ. નીલાંબર, અંત વગરનું આકાશ. **ફળ :-** આકાશ જેમ પૃથ્વી, જળ, તેજ, વાયુરૂપ ચારેય ભૂતોમાં રહેવા છતાં નિર્લેપ રહે છે તેમ આ ચિહ્નનું ધ્યાન કરનાર ભક્તજન સંસારમાં નિર્લેપતા પ્રાપ્ત કરે છે, તેના હૃદયાકાશમાં પરમાત્મા બિરાજે છે ને અંતે તે અક્ષરધામમાં જાય છે.

**૪. ગોપદ :** જેનો આકાર ગાયના પગલાં જેવો છે તેવું ચિહ્ન, ગોષ્પદ અથવા ગોપદ. **ફળ :-** ગોપદ ચિહ્નનું ધ્યાન કરનારને અફાટ સંસારસાગર પણ ગાયના નાના પગલા જેવો નાનો બની જાય છે.

**૫. ધનુષ્ય :** યોદ્ધાઓના હાથમાં શોભતું શસ્ત્રવિશેષનું ચિહ્ન. પદ્મપુરાણમાં ધનુષ્યને બદલે મેઘધનુષ્ય ચિહ્ન તરીકે કહ્યું છે. **ફળ :-** ધનુષ્ય નમ્રતા તથા શક્તિનું પ્રતીક છે. જીવને બળવાન તેમજ નમ્ર વિવેકી, વિનયી અને નિર્ભય બનાવે છે. કામાદિક શત્રુઓને તે સાધક પરાભવ પમાડે છે.

**૬. ત્રિકોણ :** ત્રણ ખૂણાવાળું ચિહ્નવિશેષ. **ફળ :-** આ ચિહ્નનું ધ્યાન કરનાર ભક્ત ત્રિવિધ તાપ (આધિ, વ્યાધિ, ઉપાધિ)થી મુક્ત થાય છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - આ ત્રણ દેહના ભાવોનો ત્યાગ કરી જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ આ ત્રણ અવસ્થાને જીતે છે. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિનો અધિકારી બને છે.

**૭. મીન :** માછલું. માછલાનું ચિહ્નવિશેષ. **ફળ :-** મીન ચિહ્નનું ધ્યાન કરનાર સાધકનું માછલા જેવું ચંચળ મન ભક્તિમાર્ગમાં સ્થિર થાય છે. જગતરૂપી જળને બદલે ભગવાનની મૂર્તિરૂપી જળ તેનું જીવન બને છે.

# ૧૮. પુષ્પ ચિંતામણિ - ગ્રંથસાર



આ ગ્રંથમાં એક પ્રભુવિરહિણી સખીનું રૂપક રજુ કરવામાં આવ્યું છે. તે દ્વારા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પ્રભુપ્રેમની વિયોગ અવસ્થાનું અને અંતમાં સંયોગ અવસ્થાનું અગિયારેક દોહાથી વર્ણન કરેલું છે.

કોઈ ભગવદ્‌વિરહી સખીએ તે તે ઋતુમાં ખીલેલા પુષ્પોને જોઈ જોઈને 'ભગવાન મારે ત્યાં પધારે તો આ સરસ મજાનું ખીલેલું પુષ્પ ભગવાનને અર્પણ કરું' આ રીતે ૩૧ પ્રકારના પુષ્પોના માધ્યમથી પોતાના પ્રિયતમનું ચિંતવન કરેલું છે. તેનું આ ગ્રંથમાં ૩૧ દોહાથી વર્ણન કરેલું છે :-

**'કેસર ભીને કાનજી, ઘેર આયે ગોવિંદ;**
**પ્યારે પ્રીતમ ઉપરે, વારી નિષ્કુળાનંદ.'** (૩૧)

આ રીતે વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને વિષે પણ પ્રેમનો અજોડ સમન્વય આ ગ્રંથમાં જોવા મળે છે.


# ૧૯. લગ્ન શકુનાવલિ - ગ્રંથસાર

શુભાશુભ લગ્નમાં (મેષાદિ રાશિમાં) ચિંતન અનુસાર શુભાશુભ ફળ થાય છે. તે હેતુથી જાણવા જેવા મેષાદિક બાર લગ્ન (રાશિઓ)નું તેના શુભાશુભ ફળ સહિત આ નાનકડા ગ્રંથમાં કુલ ૧૭ દોહાથી હિન્દી ભાષામાં વર્ણન કરાયેલું છે.

અંતમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનો હૃદગત અભિપ્રાય બતાવ્યો છે :-

**'હમ નિશદિન ચિંતવત હૈ, પ્રગટ શ્રી સહજાનંદ ।**
**સબ શકુનમેં સબ લગ્નમેં, સદા હોત આનંદ ॥'** (૧૬)

આ ગ્રંથ સં. ૧૮૮૩ના મહા સુદિ - ૨ના દિને લખાયેલો છે.



# ૨૦. યમદંડ - ગ્રંથસાર

આધોઈ ગામે સાક્ષાત્ ભગવાન શ્રીહરિ થકી ભાગવતી દીક્ષા પ્રાપ્ત કર્યા પછી ત્યાં જ (પૂર્વાશ્રમના સસરાના ગામમાં) રહીને સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ રચેલી આ સૌપ્રથમ કૃતિ છે. સંપ્રદાયના ઉગમકાળમાં સમાજ ઉપયોગી આવા સાહિત્યની ભગવાન શ્રી સ્વામિનારાયણને આવશ્યકતા જણાણી હોવાથી નવા થયેલા પરમહંસ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને આ ગ્રંથ રચવાની પ્રેરણા તેમજ આશીર્વાદ આપી આવા અનેક જીવાત્માઓને ઉપયોગી **ગ્રંથ**નું સ્વયં ભગ વાન શ્રીહરિએ **નિર્માણ** કરાવ્યું છે.

ગર્ભવાસ, જન્મ-મરણ, ઘોર યમયાતના તથા સાંસારિક આધિ-વ્યાધિ-ઉપાધિના અસહ્ય દુઃખોના શ્રવણથી મુમુક્ષુના હૈયામાં વૈરાગ્ય ઉદય થાય અને અંતરમાં પરમાત્મા પ્રત્યે, તેમને જ જન્મમરણના દુઃખથી છોડાવનાર જાણીને તેમને વિષે પ્રીતિ થાય તે માટે 'ભય વિના પ્રીતિ નહિ' એ ન્યાયે પાયાનો દૃષ્ટિકોણ લક્ષમાં રાખીને આ ગ્રંથનું નિર્માણ થયું છે.

**'યમદંડ'** એવા સાર્થક નામવાળા આ ગ્રંથની એકેએક કડી ચમત્કારિક રીતે કંડારવામાં આવી છે. જેનાથી જીવાત્માને આ ગ્રંથ સાંભળીને ભગવાનના માર્ગે ચાલવાનું અદ્‌ભુત પ્રેરણાબળ મળી રહે છે. આ ગ્રંથ રચીને સ્વામીએ જ્યારે ભગવાન શ્રીહરિને વાંચી સંભળાવ્યો ત્યારે શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને સ્વામીની કવિત્વ શક્તિની **પ્રશંસા** કરી બીજા ગ્રંથો રચવાની પણ પ્રેરણા આપી હતી :-

**'કહ્યું પૂર્વે મને પૂછ્યું હતું, પન્નગારિયે કરી પ્રીત ।**
**યથારથ યમદંડની, મેં કહી છે તેહને રીત ॥** (૧-૧૫)
**તેહ રીત હૃદયે ધરી, તું કહેજ્યે કરી વિસ્તાર ।**
**જે સુણી સહુ પાપથી, ડરી ચાલે નર ને નાર ॥'** (૧-૧૬)

આ રીતે ગરુડપુરાણના આધારે રચાયેલ આ ગ્રંથમાં ૨૦ કડવા અને ૧ ધોળનું પદ છે. કુલ ૧૧૧૯ ચરણ છે. આ લોકના પંચભૌતિક દેહમાંથી નીકળી યમપુરીમાં જતાં પાપી જીવાત્માને માર્ગમાં આવતા ૧૬ પુરમાં કેવા કેવા **દારૂણ દુઃખો** ભોગવવા પડે છે તેનું હૃદયદ્રાવક **વર્ણન** આ ગ્રંથમાં કરાયેલું છે. એક એકથી અધિક વિકટ ને દુઃખભર્યા ૨૮ નરકના કુંડો, ને તેમાં જીવના પાપ પ્રમાણે તેની સજા તથા તે દુઃખને ભોગવીને લખચોરાશીમાં ભટકવા જતાં પ્રાણીની કષ્ટભરી હકીકતની **કથની** અત્રે રજુ કરી છે. પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ અને તેના સાચા સંતના મેળાપથી જ (ભગવાનનો આશરો કરવાથી) યમદંડ ટળે છે ને પરમપદની પ્રાપ્તિ થાય છે, તે ખૂબજ ભારપૂર્વક જણાવ્યું છેઃ-

**'તે તો પ્રત્યક્ષ પ્રભુને પામિયે, કાં તો તેના મળેલ જન મળે ।**
**જન્મમરણનું દુઃખ જીવને, તેહ વારે તર્ત ટળે ॥'** (૧/૨૪)
**'સાચા સંતનો સંગ કરીને રે, ભજો ભાવે કરીને હરિને રે ।**
**જો કોઈ ઈચ્છો એ ટાળવા દુઃખ રે, રહો શ્રીહરિને સન્મુખ રે ॥** (૧૬/૪૫)
**જે એ દુઃખ કહ્યાં કથી કથી રે, તે તો હરિજન પર નથી રે ।**
**માટે હરિજન સહુ થાઓ રે, શીદ જમપુરીમાંહિ જાઓ રે ॥'** (૧૬/૪૬)

આ રીતે પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિ અને તેના મળેલ સંતનો આશ્રય કરવાથી જ જીવાત્માનું કલ્યાણ બતાવ્યું છે.

અંતે જેને સ્વયં ભગવાન તેડવા આવે અને જેને જમ તેડવા આવે તે બંનેની સુસ્પષ્ટ એંધાણી આપીને અંતિમ ધોળના પદમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો અદ્‌ભુત **મહિમા** વર્ણવીને પોતાને મળેલ પ્રગટ ને પ્રત્યક્ષ શ્રીહરિના અલભ્ય લાભનું હર્ષથી ઉભરાતાં હૈયે ને મુક્તકંઠે સુંદર **વર્ણન** કર્યું છે.

# ૨૧. વૃત્તિ વિવાહ - ગ્રંથસાર

વિવાહ પ્રસંગે સમાજમાં જે લૌકિક ગીતો ગવાય છે તેને બદલે ભગવાનના સંબંધવાળા **મંગળ ગીતો** ગવાય તો ગાનાર અને સાંભળનાર બંનેનું શ્રેય થાય આવા **શુભ હેતુ**ને લક્ષમાં રાખી આ **ગ્રંથનું નિર્માણ** થયું છે.

આ ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ જીવના અનાદિકાળના રાગાત્મક ભાવને યોગ્ય પાત્ર સુધી પહોંચાડવા માટે પોતાની કલમનો **સદુપયોગ** કરેલો છે. વરવા જેવા વર (પતિ) તો એક નારાયણ જ છે તેમની સાથે પોતાની શુદ્ધ મનોવૃત્તિ રૂપ વનિતા (કન્યા)ને પરણાવવી અર્થાત્ અવિછિન્નપણે અખંડ તેમના સ્વરૂપમાં જોડવી એ દૃષ્ટિકોણ લક્ષમાં રાખી વરકન્યાના રસભર્યા રૂપક સાથે આબેહૂબ નિરૂપણ કર્યું છે.

પોતાના જીવની ચૈતન્યવૃત્તિરૂપી કન્યાના ભગવાન શ્રીહરિ સાથે **વિવાહ** કરાવવાથી અદ્ભુત સાયકોલોજી (અર્થાત્ માનસ-વિજ્ઞાનની કળા) સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં બતાવી આપી છે. લગ્ન સમયે જે જે વસ્તુ તથા વિધિઓનો ઉપયોગ કરાય છે તે તમામને નિષ્કુળાનંદ સ્વામીએ **આધ્યાત્મિક રૂપ**માં ઘટાવી દીધું છે.

મનોવૃત્તિરૂપ કન્યાને પતિ (ભગવાન)ને પ્રસન્ન કરવા માટે **શણગાર**થી શોભાડવાની જરૂર પડે છે, તો તેને (૧) બૃહદ વૈરાગ્યરૂપી ઘાટડી (ચુંદડી) ઓઢાડવી. જે ઘાટડીનો શુકદેવ, ઋષદેવ, પ્રહ્લાદ વગેરે મોટા મોટાએ અતિ આદર-સત્કાર કરેલો છે. તે વૈરાગ્યરૂપી ચુંદડી ઓઢાડવી. (૨) જાનૈયા વિના જાન શોભે નહિ માટે પતિ ભગવાનની સાથે શીલ, સંતોષ, સમદૃષ્ટિ, ક્ષમા, દયા, ભક્તિ, વિવેક, ધર્મ વગેરે રૂપ યુવાન જાનૈયા આવતા જાન બહુ શોભે છે. (માટે આવા ગુણોનો જીવનમાં આદર કરવો.) (૩) વિવાહમાં જેમ વનિતા (કન્યા)ને સારા શણગાર પહેરાવી શોભાડવામાં આવે છે તેમ મનોવૃત્તિરૂપ કન્યાને આનંદરૂપ અણવટ (સ્ત્રીઓના પગના અંગૂઠામાં પહેરવાનું ઘુઘરીવાળું એક ઘરેણું), પ્રેમ અને નિયમરૂપી ઝાંઝર, હૃદયમાં ભગવાન શ્રીહરિની ધારણારૂપ ઉતરી, શમ-દમ-વિવેકાદિરૂપ માળા-સાંકળી અને હાર, નાકમાં નિર્મળતારૂપી મોતી, માથે નિઃશંકતારૂપી મોડ, હાથમાં (શ્રીહરિરૂપ) અખંડ વરનો ચૂડો, આ રીતે વૈરાગ્યરૂપી ઘાટડી વગેરે પહેરાવી કન્યાને **સુશોભિત** કરવી.

ત્યારબાદ (પદ નં. ૧૧ના વર્ણન મુજબ) આ બંને (વરકન્યા)ના વિવાહમાં ચાર વર્તમાનરૂપી ચાર ચોરીના સ્તંભ રોપવા અને ચોરીના અગ્નિમાં કામ-ક્રોધ-લોભાદિરૂપ જવતલ બાળીને ભસ્મ કરવા, વરવધૂને વધાવનારી પ્રેમ, નેમ, ભક્તિ અને ભાવરૂપી ચાર સખીઓ જાણવી; અને અહંમમતારૂપ ગાંઠ્યોવાળો દોરડો (છેડાછેડી બાંધવામાં વપરાયેલ વસ્ત્ર કે સૂતરની ફેલ) છોડાવા માટે સમર્થ સ્વામીની વૃત્તિવનિતાએ **પ્રાર્થના** કરવી. એવી રીતે વિવાહ થતાં પરમપતિ ભગવાન શ્રીહરિ વૃત્તિવનિતા (કન્યા)ને **પ્રત્યક્ષ દર્શન** આપે છે. તેથી વનિતા 'भिद्यन्ते हृदयग्रन्थिः छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ।।' - આ શ્રુતિમાં કહ્યા મુજબ સર્વસ્વ ફળરૂપ ભગવાનને પામીને સદાયને માટે નિર્વિઘ્ન અને નિર્ભય થઈને પોતાના પતિ એવા ભગવાનમાં જ પતિવ્રતાભાવથી નિમગ્ન રહેવાથી સર્વપ્રકારના સુખને પામે છે. આવું **રૂપક** નિરૂપણ કરીને છેલ્લે આ ગ્રંથના અતિ સારરૂપ **સુંદર ઉપદેશ** સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ અંતિમ બે કડીઓમાં સહુને ઉદ્દેશીને કહેલો છે :-

**'વિવા' વરણચો પદ છંદ વિશમાં રે,**
**કહ્યું સંક્ષેપે સર્વેનું રૂપ રે...અલોકિ૦ ।**
**વર નર તો એક નારાયણ છે રે,**
**બીજા સર્વે છે સખીને સ્વરૂપ રે...અલોકિ૦ ॥**
**એવું નિશ્ચે જાણીને જન સર્વને રે,**
**રહેવું સખી સ્વરૂપે સર્વે અંગ રે ।**
**વર નિષ્કુળાનંદનો નાથ છે રે,**
**રાખો હેત પ્રીત સ્વામીને સંગ રે...**
**અલોકિ૦'** (પદ - ૨૦)

આ ગ્રંથમાં કુલ ૨૦ પદ છે. તેની ૧૨૦ કડીઓ છે. અને તેના રાગ-ઢાળ પણ લોકમાં અતિ પ્રસિદ્ધ પ્રાચીન ઢાળના લગ્નગીત જેવા જ છે. ભગવાન શ્રીહરિની રુચિ જાણીનો વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી આ ગ્રંથની રચના કરીને શુદ્ધ મુમુક્ષુજનોની સાથે સાથે લોકવ્યહારમાં જોડાયેલા કર્મયોગી (ગૃહસ્થ ભક્ત) ઉપર પણ સારો એવો ઉપકાર કરેલો જણાય છે.

# ૧૫. મનગંજન - ગ્રંથસાર



આ ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ રૂપક શૈલીથી જાણે કે, મુમુક્ષુના અંતઃકરણનો **એક્સ-રે** ઉતારીને આ ગ્રંથમાં ગોઠવી દીધો હોય તેવું સ્પષ્ટ ચિત્રનું **નિરૂપણ** કર્યું છે.

આ દેહરૂપી નગરમાં જીવરૂપી રાજા છે, તેના **બે દીવાનો** છે : (૧) નિજમન (૨) પરતક મન. આ બંને **પરસ્પર** વિરુદ્ધ વિચારધારા વાળા છે.

નિજમન એટલે જીવને અત્યંત અનુસરનાર તેનું ધર્મભૂત જ્ઞાન. અર્થાત્ (જ્ઞાનશક્તિ યુક્ત) જીવ પોતે. પરતક મન એટલે ઈન્દ્રિયો તથા વિષય સાથે ભળેલું - મલિન વાસનાવાળું પ્રતિકૂળ મન. નિજમન ભગવાનની આજ્ઞા પ્રમાણે રહેવા ઈચ્છે છે. પરતક મન મનમાન્યા ભોગસુખ ઈચ્છે છે. તે હેતુથી કાયમીક કંકાસ ચાલુ જ રહે છે. તેમ કરતાં છેવટે **યુદ્ધ**નો **આરંભ** થાય છે, બંને પોતપોતાનું બળ તથા સહાયક યોદ્ધાઓનું સામર્થ્ય બતાવે છે. પરતક (પ્રતિકૂળ) મન સામે ચડી આવીને પોતાના કામ-ક્રોધાદિ બાણો ફેંકે છે, પણ પ્રભુ-કૃપાથી નિજમનને કાંઈ થતું નથી. અંતે જીવાત્માની સાથે રહેલા પરમાત્માની સહાયથી તેમજ સદ્‌ગુરુની કૃપાથી **નિજમન** (જીવને અનુકૂળ જ્ઞાનશક્તિરૂપ મન) પરતક મનને જીતી લે છે. નિજમન **પ્રધાનપદે** આવવાથી કાયાનગરમાંથી અનીતિ અને અન્યાય દૂર થાય છે. અને ન્યાય-નીતિથી રાજ્ય ચાલે છે. પરતક મન પણ જ્યારે નિજમનને જ આધીન રહીને શુભ કાર્યોમાં સહાયક બની રહે છે ત્યારે જ જીવાત્મા પોતાના કાયાનગરમાં વાસ્તવિક અર્થમાં **રાજા** બને છે. અને ભગવાનની આજ્ઞા મુજબ ભાગવત ધર્મ પ્રમાણે પોતાનું શાસન ચલાવી સ્વાશ્રિત સહુને **સુખિયા** કરી શકે છે.

આ રૂપક નિમિત્તે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાનના ભક્ત મુમુક્ષુજનોએ મન સાથે કેવો **વૈરભાવ** રાખવો; તેને જીતવા માટે કેવી **સમજણ** રાખવી; કોની સહાયથી મન સામે **જીત** મેળવવી - આવી અનેક બાબતો પર ગહન વિષય હોવા છતાં ખૂબજ રોચક રીતે છણાવટ કરેલી છે. જે મોક્ષાર્થી માટે **અત્યંત ઉપયોગી** છે. ગ્રંથના સારરૂપે છેલ્લે સહુને **ભલામણ** કરેલી છે કેઃ-

**'ભજો જે કોય ભગવાનને, તે તજો સબે મન સંગ;**
**માનો નહિ શીખ મનની, જો ઈચ્છે સુખ અભંગ.'** (૧૭૨)
**'કોટિ ઉપાય જો કરતાં, જીત્યો મન નવ જાય;**
**જીતે તે જન જક્તમાં, જેહને સદ્‌ગુરુ સહાય.'** (૧૭૩)

કુલ ૧૮૭ દોહા તથા છંદનો આ નાનકડો છતાં ખૂબ બળવાન ગ્રંથ સં. ૧૮૭૧ના શ્રાવણ સુદ - ૭ના દિવસે પૂર્ણ થયો છે. પોતાના મનરૂપ **દુશ્મન**નો **ગંજન** એટલે કે પરાજય આ ગ્રંથમાં બતાવેલો હોવાથી **'મનગંજન'** એવું નામ સાર્થક છે.




# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






ગઢપુરને આંગણે શ્રીહરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ ઉપક્રમે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'શ્રીહરિ યાગ યજ્ઞ' (તા. ૯ થી ૧૧-૩-૨૦૧૨)

રોહિશાળા(ગઢપુર પ્રદેશ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'સત્સંગ સભા' (તા. ૧૩-૩-૨૦૧૨)














અહલ્યાદેવીની પવિત્ર નગરી મહેશ્વર (મધ્યપ્રદેશ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'ભવ્ય શોભાયાત્રા' તથા 'સ્વાગત સત્સંગ સભા' (તા. ૧૭-૩-૨૦૧૨)




**ધરગામ** (નિમાડ પ્રદેશ)ને આંગણે ભગવાન શ્રીહરિની પ્રાસાદિક શ્રી નારાયણ ભગવાનની મૂર્તિના દર્શનાર્થે પધારતા
**પ.પૂ. લાલજી મહારાજશ્રી** તથા પૂ. સંતો-હરિભક્તો (તા. ૧૭-૩-૨૦૧૨)




વડતાલ પ્રદેશના **વ્યારા**(જી.વડોદરા)ગામને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ
**'દિવ્ય સત્સંગ સભા'** (તા. ૧૮-૩-૨૦૧૨)




ગઢપુર પ્રદેશના **લીંબડા** (હનુભા) ગામને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા
**પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૦-૩-૧૨)




**પુના** (મહારાષ્ટ્ર)ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ
**'ત્રિમાસિક દિવ્ય સત્સંગ સભા'** (તા. ૨૪-૩-૨૦૧૨)




ગઢપુર પ્રદેશના **રામપરા** (તા. રાજુલા) ગામને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૬-૩-૧૨)




ગઢપુર પ્રદેશના **કોવાયા** (તા. રાજુલા) ગામને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૬-૩-૧૨)




ગઢપુર પ્રદેશના **નિંગાળા-૨** (તા. રાજુલા) ગામમાં પધરામણીએ પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૬-૩-૧૨)




જૂનાગઢ પ્રદેશના **વડાલ** ગામને આંગણે યોજાયેલ **શ્રીહરિ વડાલ ગામ આગમન દ્વિશતાબ્દી મહોત્સવ** પ્રસંગે પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨૮-૩-૧૨)




જૂનાગઢ પ્રદેશના ખરેડા(તા. કોટડા સાંગાણી)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના
સાંનિધ્યમાં યોજાયેલ 'સત્સંગ સભા' (તા. ૨૮-૩-૨૦૧૨)




વડતાલ પ્રદેશના ફાગવેલ (તા. નડિયાદ) ગામને આંગણે
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'સત્સંગ સભા' (તા. ૨૯-૩-૨૦૧૨)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**સમગ્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અને ગુજરાત રાજ્યમાં સૌપ્રથમવાર સંપ્રદાયનું ઘર**

# શ્રી ગઢપુર મંદિરના સુવર્ણ શિખરનું અનાવરણ શ્રી ધર્મભક્તિ-વાસુદેવનારાયણના સુવર્ણ સિંહાસન અને દ્વારનું અનાવરણ શ્રીહરિ યાગ તથા સત્સંગ સભા

**તારીખ :- ૫ થી ૬-૫-૨૦૧૨, વૈશાખ સુદ ૧૪ થી ૧૫**

## ॥ કાર્યક્રમની રૂપરેખા ॥

**યજ્ઞ પ્રારંભ** : તા. ૫-૫-૨૦૧૨ વૈશાખ સુદ - ૧૫, સવારે ૮.૦૦ કલાકે

**તા. ૬-૫-૨૦૧૨ વૈશાખ સુદ - ૧૫, રવિવાર**


| **સુવર્ણ સિંહાસન અનાવરણ** | **સુવર્ણ દ્વાર અનાવરણ** | **સુવર્ણ શિખર અનાવરણ** | **યજ્ઞ પૂર્ણાહુતિ** |
|---|---|---|---|
| સવારે ૭.૩૦ કલાકે | સવારે ૭.૪૫ | સવારે ૮.૦૦ કલાકે | સવારે ૮.૩૦ કલાકે |

**સત્સંગ સભા** :- સવારે ૯ થી ૧૧


# ગઢપુર પ્રદેશ સત્સંગ સમાજ અધિવેશન

**તારીખ : ૬-૫-૨૦૧૨ વૈશાખ સુદ ૧૫, રવિવાર સમય :- બપોરે ૪ થી ૬**

ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મંદિર તાબાના મંદિરોના વહિવટ કર્તાઓ અને પ્રદેશના ગામોના હરિભક્તોની ખાસ સત્સંગ સભા ગઢપુર મંદિર ખાતે રાખવામાં આવેલ છે, તો ગઢડા પ્રદેશના મંદિરોના પૂજારી, કોઠારી તથા હરિભક્તોએ ઉપસ્થિત રહેવા વિનંતિ સહ.... જય શ્રી સ્વામિનારાયણ.




રઘુવીરવાડી-વડતાલને આંગણે શ્રી આચાર્ય નિવાસે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ની પવિત્ર નિશ્રામાં યોજાયેલ ભગવાન શ્રીહરિનો **૨૩૧મો પ્રાગટ્યોસવ** (તા.૧-૪-૧૨)




સરધારધામને આંગણે પૂ.સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ ભગવાન શ્રીહરિનો **૨૩૧મો પ્રાગટ્યોત્સવ** (તા.૧-૪-૨૦૧૨)





વડતાલ પ્રદેશના **વાઘોડિયા**(જી. વડોદરા) ગામને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨-૪-૧૨)




વડતાલ પ્રદેશના **હાલોલ** (પંચમહાલ) ગામને આંગણે હરિભક્તોના નિવાસસ્થાનોમાં
પધરામણી કરતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૨-૪-૧૨)




ગઢપુર પ્રદેશના **રામપરા** (તા. રાજુલા) ગામને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે
પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૩-૪-૧૨)




ગઢપુર પ્રદેશના **હિંડોરણા** (તા. સાવરકુંડલા) ગામને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે
પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૩-૪-૧૨)





જૂનાગઢ પ્રદેશના **ભાડુઇ** (જી. રાજકોટ) ગામને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે
પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૩-૪-૧૨)




**શ્રી રઘુવીર વાડી - વડતાલને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં**
**ઉજવાયેલ પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના**
**પ.પૂ. બાળલાલજી મહારાજશ્રીનો 'નામકરણ સંસ્કાર મહોત્સવ'**
**(તા. ૬-૪-૨૦૧૨ ચૈત્ર સુદ - ૧૫)**




**વડતાલ ગામને આંગણે હરિભક્તોના નિવાસસ્થાનોમાં પધરામણી કરતા**
**પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૫-૪-૧૨)




વડતાલને આંગણે શ્રી હનુમાન જયંતિ પ્રસંગે શ્રીજી પ્રાસાદિક શ્રી ઘેલા હનુમાનજી મહારાજનું
દર્શન-પૂજન કરતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા.૬-૪-૧૨)




જૂનાગઢ પ્રદેશના **મોતીસર** (તા. ઉના) ગામને આંગણે શ્રી હનુમાનજી મહારાજની
પુનઃપ્રતિષ્ઠા કરતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૮-૪-૧૨)




ગઢપુર પ્રદેશના **શેડુભાર** (તા. અમરેલી) ગામને આંગણે શ્રી સ્વા.મંદિરના **રજત જયંતિ મહોત્સવ** પ્રસંગે **પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી**ના વક્તાપદે
યોજાયેલ કથાપારાયણ પ્રસંગે દર્શન-અમૃતવાણીનો લાભ આપતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી.** (તા. ૭-૪-૧૨)






જૂનાગઢ પ્રદેશના પાતાપુર (તા. ઉના) ગામને આંગણે જૂનાગઢ મંદિરના ચેરમેનશ્રી પૂ. શા. સ.ગુ. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતો પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૮-૪-૨૦૧૨)







**રાજકોટ શહેરને આંગણે શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા**
**પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં યોજાયેલ ત્રિમાસિક દિવ્ય સત્સંગ સભા (તા. ૮-૪-૧૨)**


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પેટલાદને આંગણે





**શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ**

-: વક્તા :-
પૂ. સ્વામી શ્રી નિર્દોષચરણદાસજી
(બગસરા)

**તારીખ :- ૧૪ થી ૨૦-૫-૨૦૧૨**

**॥ કથાસ્થળ ॥**
**કાછીયાસમાજની વાડી**
**મુ. પેટલાદ, જી. આણંદ**



**આજે જ આપ આપના ઘરમાં વસાવો... નૂતન પ્રકાશનો...**

ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજાત્મજ આદિઆચાર્યપ્રવર લોકાભિરામ

**શ્રી રઘુવીરજી મહારાજ જીવન દર્શન**




:: સંકલન ::
સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ ખુશાલ ભગત
ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

:: પ્રસિદ્ધ કર્તા ::
શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ, ગઢડા, ધોલેરા, જૂનાગઢ પ્રદેશોના સમસ્ત ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ વતી
**કૃતાંજલિ મહોત્સવ સમિતિ તથા શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## પવિત્ર શ્રાવણ માસમાં સંતો-ભક્તો સાથે તીર્થયાત્રાનો અનેરો લ્હાવો

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
'શ્રીહરિકૃષ્ણ મહારાજ સુત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ' વર્ષમાં

### શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની નવમી



# શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા



તારીખ :- ૪-૭-૨૦૧૨ અષાઢ વદ - ૧ થી
૩૧-૭-૨૦૧૨ શ્રાવણ સુદ - ૧૩

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર) | કુલ દિવસ :- ૨૮ ટીકીટ દર :- રૂા. ૨૫,૫૦૦

## દર્શનીય પવિત્ર તીર્થસ્થળો

**નાસિક :-** ગોદાવરી સ્નાન, કુંભપર્વનું તીર્થધામ, શ્રી રામચંદ્રજીના વનવાસનું નિવાસ સ્થાન પંચવટી, સીતાગુફા, કાલારામમંદિર, ગોરારામમંદિર, તપોવન આશ્રમશ્રી સ્વામિનારાયણ મંદિર તથા મુક્તિધામ. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (મહારાષ્ટ્ર રાજ્ય)

**ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ :-** બાર જ્યોતિર્લિંગમાં એકતમસ્થાન ધરાવતા ભગવાન શ્રી શિવશંકરના જ્યોતીર્લીંગ ત્ર્યંબકેશ્વરના દર્શન. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (મહારાષ્ટ્ર રાજ્ય)

**પંઢરપુર :-** ચંદ્રભાગા નદીમાં સ્નાન, ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શન, શ્રી નીલકંઠ વર્ણીનું પ્રસાદીનું સ્થાન. (મહારાષ્ટ્ર રાજ્ય)

**રામેશ્વર :-** ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામો માંહિલું એક ધામ, ભગવાન શ્રી શિવશંકરનું ભગવાન શ્રી રામચંદ્રજીએ પધરાવેલ જ્યોતિર્લિંગ, અતિ ભવ્ય મંદિર અને વિશાળ પરિક્રમા, ૨૨ કુપ સ્નાન, સ્ફટિક શિવલીંગ દર્શન, સમુદ્ર સ્નાન. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (તામિલનાડુ રાજ્ય)

**શ્રીરંગક્ષેત્ર :-** ભગવાન શ્રીરંગનાથજીનું ભવ્ય મંદિર તથા દક્ષિણ ભારતની ગંગા સમાન કાવેરી નદીનું પવિત્ર તીર્થ સરીતામાં સ્નાન, શ્રી રામાનુજાચાર્યની દિવ્યદેહથી સદા પ્રત્યક્ષ સંનિધિ તેમજ શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (તામિલનાડુ રાજ્ય)

**તિરૂપતિ બાલાજી :-** ભગવાન શ્રી તિરૂપતિ (લક્ષ્મીપતિ) બાલાજીનું ભવ્ય મંદિર, સુવર્ણના ઘુમ્મટવાળું ભારતનું જ નહિ પરંતુ વિશ્વભરનું સૌથી સમૃધ્ધ મંદિર, તિરૂમાલા પર્વત ઉપરનાં દર્શનીય સ્થાનો તથા તળેટીમાં શ્રી ગોવિંદરાજ મંદિર, મહાપ્રભુ શ્રી નીલકંઠવર્ણીના વનવિચરણનું પ્રસાદીસ્થાન વેંકટાદ્રિ. (આંધ્રપ્રદેશ રાજ્ય)

**જગન્નાથપુરી :-** ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામો માંહિલું એક ધામ, ભગવાન જગન્નાથનું મંદિર, માધવરાયનું મંદિર, જગન્નાથનું રસોઈ ઘર, ઈન્દ્રદ્યુમ્ન સરોવર, રથયાત્રાનાં રથ દર્શન, ગુંડીચા મંદિર, જનકપુરી, સ્વર્ગ દ્વાર, સમુદ્ર તટ, તીબાળીયા. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (ઓરિસ્સા રાજ્ય)

**સાક્ષીગોપાલ :-** ભગવાન શ્રી કૃષ્ણચંદ્રજીનું મંદિર, શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (ઓરિસ્સા રાજ્ય)

**ભુવનેશ્વર :-** આ શહેરમાં ભગવાન શંકરનું મંદિર છે, 'લીંગરાજ સ્વામી' તરીકે પ્રખ્યાત છે. તેમજ બીજું નામભુવનેશ્વર છે. શ્રી નીલકંઠ વર્ણીના વનવિચરણનું પ્રસાદીનું સ્થાન. (ઓરિસ્સા રાજ્ય)

**ધોલાગીરી :-** અહિં પહાડ ઉપર શાંતિસ્તૂપ બૌદ્ધ સ્મારક દર્શન, અશોક સમ્રાટનું વૈરાગ્ય ઉત્પન્ન સ્થાન. (ઓરિસ્સા રાજ્ય)

**કાશી/વારાણસી :-** શ્રી કાશી વિશ્વનાથજી મંદિર, પવિત્ર ગંગાજી સ્નાન, દશાશ્વમેધ તથા કાશી ઘાટના દર્શન, શ્રી સ્વા. મંદિર દર્શન, તુલસીદાસજીએ રામચરિત્ર માનસ લખેલ તે સંકટમોચન મંદિર, દુર્ગા મંદિર, બનારસી સાડીઓનું બજાર. (ઉત્તરપ્રદેશ રાજ્ય)

**અલ્હાબાદ :-** ગંગા-યમુના-સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સ્નાન, અશોકનો કિલ્લો, અક્ષયવડ, શ્રી સ્વા. મંદિર દર્શન, સુતેલા હનુમાનજી મંદિર, ભારદ્વાજ ઋષિ આશ્રમ, આનંદ ભવન. (ઉત્તરપ્રદેશ રાજ્ય)

**અયોધ્યા :-** શ્રી રામજન્મભૂમિ, સરયુ નદી સ્નાન, કનક ભુવન, હનુમાનગઢી, શ્રી સ્વામિનારાયણ મંદિર, શહેરમાં પાંચ હજાર મંદિરથી વધુ મંદિરો. (ઉત્તરપ્રદેશ રાજ્ય)

**છપૈયા :-** ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્યસ્થાન દર્શન, નારાયણ સરોવર સ્નાન, ગૌઘાટ, શ્રવણ તળાવડી, ખાંપા તળાવડી, મખોડા ઘાટ વગરે , ધર્મ-ભક્તિના ઓટા, સંગેમરમર પથ્થરમાં નૂતન શ્રી સ્વા. મંદિર દર્શન. (ઉત્તરપ્રદેશ રાજ્ય)

**હરિદ્વાર :-** ગંગાજીમાં સ્નાન, હરકી પૈડી-ગંગામાતા આરતી દર્શન, શ્રી



**આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. મો. ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૮૭૯૭૫૮૫૦૩**

Visit us : www.sardharkatha.com ● E-mail :- sardharmandir@gmail.com, balswami2008@yahoo.com, nyalkaran.11109@gmail.com

બુકિંગ માટે સંપર્ક :- **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી). **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨. **શ્રી સ્વા. મંદિર - મલાડ.** ફો.નં. ૦૨૨ - ૨૮૮૦૪૩૫૬. **શ્રી સ્વા. મંદિર - ખારગેટ મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫. **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **અમરશીભાઈ ખાદી - ભાવનગર.** મો. ૯૪૨૬૩૧૪૩૬૮. **ધીરુભાઈ - ઉના.** મો. ૯૮૨૪૨૪૩૧૬૬.

# આજે જ જુઓ અને તપાસો... આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમ પૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો, અને લવાજમ પૂરું થાય તે પહેલાં જ આશરે ૪૦ દિવસ પહેલા આપના નજીકના વિસ્તારમાં 'ચિંતન' અંકના ગ્રાહક નોંધણી કરતા કાર્યકર પાસે આપનો ગ્રાહક નંબર આપીને લવાજમ ભરવું, જેથી 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' નો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર વર્ષે લવાજમ ભરવાનું યાદ રાખવું પડે તે કરતાં પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમ એકસાથે પણ ભરી શકાય છે.

સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમ ભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

**મું. ડોંબીવલી (ઈ)** ગ્રા. નં. 1
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
રાજાજી રોડ, બેંક ઓફ ઈન્ડિયાની સામે,
રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧૨૦૨
**જી. થાણા - મુંબઈ.** પોસ્ટીંગ તા. ૨૦-૪-૨૦૧૨
તમારું લવાજમ તા. 20/10/2030ના રોજ પુરું થાય છે.

**આ છે આપના અંક્ના લવાજમ સમાપ્તિની તારીખ**

## શ્રી સ્વામિનારાયણ ચિંતન અંકના ગ્રાહક ભક્તજનોને નમ્ર વિનંતી સહ સૂચના

વ્હાલા ગ્રાહક ભકજનો ! આપને જો **'શ્રી સ્વામિનારાયણ ચિંતન'** અંક સમયસર ન મળતો હોય અથવા તો છેલ્લા ૩-૪ અંક ન મળેલ હોય તો તમારી નજીકની **મુખ્ય પોસ્ટ ઓફિસ**માં જઈને **ફરિયાદ ફોર્મ**ને ભરવાનું રહેશે અને તેની ઝેરોક્ષ કોપી 'ચિંતન કાર્યાલય' સરધારના સરનામે કુરીયરથી મોકલવાની રહેશે. જેથી આપને અંક સમયસર ન મળતો હોય તેની તપાસ થઈ શકે.

**સરનામું :-** 'ચિંતન કાર્યાલય' શ્રી સ્વા. મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. મો. ૭૬૦૦૦૨૩૭૧૫

દર મહિનાના પહેલા રવિવારે
**સરધાર** અને મહિનાના છેલ્લા શનિવારે
**રાજકોટ**માં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::



**:: સરધાર ::**
તા. ૬-૫-૧૨
**-: સમય :-**
સવારે ૯ થી ૧

**:: રાજકોટ ::**
તા. ૨૮-૪-૧૨
**-: સમય :-**
રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** શ્રી સ્વા. મંદિર - સરધાર,
ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮,
શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

## શ્રી સ્વામિનારાયણ ચિંતન
## માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર |
| ૨. પ્રકાશન સમય | : | માસિક - દર મહિનાની ૨૦મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીજી આર્ટ |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | આશ્રમ રોડ, પાલડી - અમદાવાદ |
| ૪. તંત્રીનું નામ | : | સાધુ પતિતપાવનદાસજી |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ |
| ૫. માલિક | : | કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ |

હું. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી :** કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રી સ્વામિનારાયણ મંદિર વ્હિલીંગ, શિકાગોમાં વિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ શ્રી લક્ષ્મીનારાયણાદિક દેવોના ૨૧માં પાટોત્સવ અંતર્ગત





શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત

આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ

200

સં૧૮૬૮ - સં૨૦૬૮

## દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ

Chicago - 2012







પ્રારંભ

તા.૫-૧૯-૨૦૧૨
શનિવાર

પૂર્ણાહુતિ

તા.૫-૨૮-૨૦૧૨
સોમવાર

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**આયોજક :** ધર્મકુળ આશ્રિત સમગ્ર સત્સંગ મંડળો તેમજ ISSO of chicago, ISSMના સહયોગથી શ્રી સ્વા. મંદિર વ્હિલીંગ, શિકાગો

**I.S.S.O OF Chicago - Shri Swaminarayan Temple, 397 Northgate pkwy Wheeling, IL. 60090 Ph: 847-808-9980**

મહોત્સવ લાઈવ પ્રસારણ www.shriswaminarayan.org • www.swaminarayanvadtalgadi.org

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં **વર્જિનિયા**ને આંગણે



## શ્રીમદ્ ભાગવત દશમ સ્કંદ કથા તથા મહાપૂજા

**વક્તા :-** પૂ. સ્વામી શ્રી નિર્ભયચરણદાસજી (શિકાગો મંદિર)

**Date :- June 8th to 10th 2012**

### ॥ કથાસ્થળ ॥

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીનું

**Shree Swaminarayan Mandir**

6202 Strathmore Rd, Richmond, VA 23234

**Contact :- Rajesh Patel** (804) 536 7262
**Jigar Patel** (804) 300 7900

**Live @ www.swaminarayanvadtalgadi.org**

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં **સ્કેન્ટન**ને આંગણે ભૂમિ શુદ્ધિ અર્થે



## શ્રીમદ્ સત્સંગિજીવન કથા તથા મહાપૂજા

**વક્તા :-** પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી (ગઢપુર કોઠારી)

**Date :- June 22th to 24th 2012**

### ॥ કથાસ્થળ ॥

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીનું

**Shree Swaminarayan Mandir**

933 Prescott Ave, Scranton, PA 18510

**Contact :- Dineshbhai Patel** - 936 240 0395
**Harikrushnabhai Patel** – 570 677 8956

**Live @ www.swaminarayanvadtalgadi.org**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રીહરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ વર્ષમાં**

## પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું

# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૨

## Date :- May 25th to June 25th 2012

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણની** પૂર્ણકૃપાથી તેમજ દક્ષિણ વિભાગ વડતાલ દેશ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, વિદશેમાં વસતા હરિભક્તોના આમંત્રણને માન આપી, સત્સંગ વૃદ્ધિ, વિકાસ, સદ્ધર્મ અને શ્રીજીમહારાજ સ્થાપિત સિદ્ધાંતોનું પોષણ અને બળ આપવા માટે **અમેરિકાની** ધરતી પર **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સંતમંડળ સહિત May 25th to June 5th 2012 સુધી સત્સંગ પ્રચારાર્થે પધારી રહ્યા છે. શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ આપ સર્વે ભક્તજનોને આ સત્સંગનો દિવ્ય લાભ પ્રાપ્ત કરવા સહકુટુંબ-મિત્રમંડળ પરિવાર સહિત પધારવા અમારું નેહનિતરતું નિમંત્રણ છે, તો અવશ્ય પધારી કૃતકૃત્ય બનશો-બનાવશોજી.

**લી. ધર્મકુળ આશ્રિત ઈન્ટરનેશનલ શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ - યુ.એસ.એ**

## :: Schedule of H.H. Lalji Maharajshree's Satsang Vicharan at US ::

| Date | Day | Place | Event | Contact Person | Phone |
|---|---|---|---|---|---|
| 25 to 28 May | Friday - Monday | Chicago | Shree Raghuvirji Maharaj Krutajanli Mahotsav | Shree Swa.Temple | (847) 483 8848 |
| | | | | Girishbhai Patel | (847) 517 8787 |
| | | | | Rajnibhai Patel | (773) 531 9687 |
| 28 May | Monday (evening) | Milwakee, IL | Satsang Sabha | Ram Patel | (773) 706 8921 |
| 30 May | Wednesday | St Louis, MO | Satsang Sabha | Harikrushnabhai Patel | (314) 398 5668 |
| 31 May to 1 June | Thursday, Friday | Houston, TX | Satsang Sabha | Madanmohan Patel | (832) 875 2163 |
| 2 June | Saturday | Dallas, TX | Satsang Sabha | Ajaybhai Soni | (214) 704 0791 |
| 3 June | Sunday | Fort Myers, FL | Satsang Sabha | Sanjaybhai Patel | (813) 841 3137 |
| 4 June | Monday | Tampa, FL | Satsang Sabha | Sanjaybhai Patel | (813) 841 3137 |
| 5 June | Tuesday | Ocala, FL | Satsang Sabha | Hasmukhbhai Patel | (352) 216 7569 |
| 6 June | Wednesday | Jacksonville, FL | Satsang Sabha | - | - |
| 7 June | Thursday | Cherry, NC | Satsang Sabha | Nirajbhai | (919) 363 2356 |
| 8 to10 June | Friday - Sunday | Richmond, VA | Bhagwat Katha | Rajubhai Patel | (804) 536 7262 |
| 12 to 13 June | Tuesday, W.day | New Jersey | Satsang Sabha | Dhirubhai Patel | (732) 259 3498 |
| 14 June | Thursday | Atlantic City, NJ | Satsang Sabha | Vireshbhai Patel | (609) 513-8517 |
| 15 June | Friday | Philadelphia | Satsang Sabha | Hasmukhbhai Patel | (215) 412 3329 |
| 16 June | Saturday | New Jeresy | Satsang Sabha | Dhirubhai Patel | (732) 259 3498 |
| 17 to18 June | Sunday, Monday | North Jeresy | Satsang Sabha | Ghanshyambhai Sangani | (201) 679-0697 |
| 19 to 21 June | Tue.day - Th.day | NJ / Philadelphia | Satsang Sabha | Manishbhai Patel | (732) 489-2331 |
| 22 to 24 June | Friday - Sunday | Scranton, PA | Bhoomi Pujan | Dineshbhai Patel | (936) 240-0395 |
| | | | Satsangijivan katha | Harikrushnabhai Patel | (570) 677-8956 |
| 26-Jun | Tuesday | Flight to India | - | - | - |

**For More Information Please Contact :-** 732-930-1008

**Live @ www.swaminarayanvadtalgadi.org**

**સર્વે ભક્તજનોને ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ... JAY SHREE SWAMINARAYAN**

## સરધાર પધારો...'' ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ બાળયુવા ધન બચાવો...




પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
અધ્યક્ષપદે સરધારને આંગણે અતિ ભવ્ય **આઠમો**

# શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ

**પ્રયોજક :-** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## તારીખ :- ૨૪ થી ૨૬-૪-૨૦૧૧ સુધી

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સરધારધામને આંગણે 'શ્રીહરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ' તથા દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ' વર્ષમાં ભવ્યાતિભવ્ય આઠમા 'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ'નું તા. ૨૪-૫-૨૦૧૨ જેઠ સુદ - ૩ થી તા. ૨૭-૫-૨૦૧ જેઠ સુદ - ૬ સુધી આયોજન કરવામાં આવ્યું છે. તો સર્વે વડિલ હરિભક્તોને અમારો ખાસ અનુરોધ છે કે, આપના બાળકો અને યુવાન સંતાનોને જીવનનું સાચુ ઘડતર કરવા માટે આ મહોત્સવમાં જરૂરને જરૂર મોકલ જ્યો.

### :: મહોત્સવ મુખ્ય યજમાનશ્રી ::

પ.ભ.શ્રી બાબુભાઈ તથા ચંદુભાઈ પરસોતમભાઈ પટેલ (ખાંધલી)
હ. સુપુત્રો રાજેશભાઈ, પરેશભાઈ, ચંદ્રેશભાઈ, રામભાઈ તથા પૌત્ર શ્રેયકુમાર, નીલકુમાર- યુ.એસ.એ

### :: બાળ-યુવા મહોત્સવનો દૈનિક કાર્યક્રમ ::

તા. ૨૪ થી ૨૬ સુધી બાળ-યુવા મહોત્સવમાં **પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી** તથા **પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી** આદિક વિદ્વાન પૂ. સંતો દ્વારા બાળકો તેમજ યુવાનોને જીવનનો એક અજોડ રાહ મળે, જીવનમાં એક નવો જ ઉત્સાહ પ્રગટ થાય અને આ મનુષ્ય દેહ વડે કંઈક કરી છુટવાની તમન્ના જાગૃત થાય તેવા પ્રવચનોનો અમૂલ્ય લાભ આપવામાં આવશે. તેમજ દરરોજ રાત્રિના કીર્તન-ભક્તિ, રાસોત્સવ, વ્યાખ્યાનમાળા, વિધવિધ વિષયો ઉપર પ્રવચનો તેમજ કીર્તનગાન સ્પર્ધા વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવશે.

**પુરસ્કાર ભેટ :-** તા. ૨૭-૫-૨૦૧૨ના રોજ જે બાળકો-યુવાનો ૭૫ ટકા ઉપર વિદ્યા અભ્યાસમાં ટકા લાવ્યા હશે તેમજ મહોત્સવ દરમ્યાન કોઈપણ હરિફાઈમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ લાવશે તેમને પુરસ્કાર આપવામાં આવશે. (ધો-૧૦,૧૨ના વિદ્યાર્થીઓએ પોતાના આગળ વર્ષની રીઝલ્ટ કોપી લાવવી. તેમજ કોલેજનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં જે એ-ગ્રેટ (ફસ્ટક્લાસ) હશે તેમને પણ પુરસ્કાર આપવામાં આવશે.

**તા.ક :-** મહોત્સવમાં ભાગ લેનાર દરેક બાળ-યુવાનોએ ફરજીયાત બે જોડી સફેદ ડ્રેસ લઈને સાથે આવવાનું રહેશે. અને મહોત્સવના કાર્યક્રમ દરમ્યાન ડ્રેસ પહેરીને જ ભાગ લઈ શકશે.



**મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ મંદિર' સરધાર**
**તા.જી. રાજકોટ.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩.

**ચાલો સરધાર...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો સરધાર...**

## શ્રીજીમહારાજનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધાર

**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ધર્મકુળ મુગટમણિ લાલજી ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તૈયાર થયેલ સુંદર નયનરમ્ય**



**નૂતન 'શ્રી યજ્ઞેન્દ્ર પ્રવેશદ્વાર'નો ભવ્ય**

# ઉદ્‌ઘાટન મહોત્સવ

**પ્રયોજક :-** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**તારીખ : ૨૭-૫-૨૦૧૨, રવિવાર સમય : સવારે ૮ થી ૧**

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

---

**ચાલો કુંભારીયા** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો કુંભારીયા**

વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર તથા શ્રી શિવ મંદિર - કુંભારીયાનો ભવ્ય



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

# પંચાબ્દી ૫ મહોત્સવ

અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

-: પ્રયોજક :-
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**વક્તા :-** પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી



અધ્યક્ષશ્રી
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી

**તારીખ :- ૨૫ થી ૧ ૫-૨૦૧૨**

**-: કથા સમય :-**
સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
બપોરે ૩.૦૦ થી ૬.૦૦

**મહોત્સવ સ્થળ :-** 'શ્રી બચુભાઈ રામજીભાઈ ચોડવડીયાના નિવાસસ્થાને'
મુ. કુંભારીયા, તા. રાજુલા, જી. અમરેલી. મો. ૯૭૨૬૩૪૭૪૬૯

**આયોજક :** ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ તથા શ્રી શિવ મંદિર સત્સંગ સમાજ - કુંભારીયા (ગઢપુર પ્રદેશ)

**સંપર્ક :- વિઠ્ઠલભાઈ** - મો. ૯૯૫૭૪૫૫૭૭૫૭ **બાબુભાઈ** - મો. ૯૮૨૪૧૮૦૯૮૧ **ભરતભાઈ** - મો. ૯૯૨૪૯૬૫૧૮૬ **જયસુખભાઈ** - મો. ૯૫૭૪૩૧૫૨૩૪

---

**ચાલો કાંદિવલી...** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો કાંદિવલી...**

વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી કાંદિવલી-મુંબઈ શહેરને આંગણે અતિ ભવ્ય પંચમ સોપાન

શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

200
સં.૧૮૬૮ - સં.૨૦૬૮

# આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ

કાંદિવલી - ૨૦૧૨


અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ



પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી

**વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**



અધ્યક્ષશ્રી



ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી

**તારીખ :- ૧૪ થી ૨૦ મે-૨૦૧૨**

**:: કથા સમય ::**
બપોરે ૩.૦૦ થી ૬.૦૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

**આયોજક :-** ધર્મકુળ આશ્રિત બૃહદ મુંબઈ પરાવિસ્તાર શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ વતી શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ - કાંદિવલી

**મહોત્સવ સ્થળ :-** 'શ્રી રઘુવીર ધામ' સપ્તાહ ક્રિડા મેદાન, ડી-માર્ટની બાજુમાં, કમલા વિહાર સ્પોર્ટ કલબની સામે, પોઈસર જીમખાના માર્ગ, કાંદિવલી (વે)

-: સંપર્ક :-
પૂ. પ્રેમ સ્વામી - મો. ૯૩૨૨૭૫૩૦૫૨
કાંતીભાઈ કાચા મો. ૯૨૨૪૧૨૯૦૯૯

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**ચાલો પીપળવા** **પધારો પીપળવા**


સર્વાવતારી ભગવાન
શ્રી સ્વામિનારાયણ


પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય
શ્રી રઘુવીરજી મહારાજશ્રી

વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **પીપળવાને** આંગણે

શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત

## આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ

200 સં૧૮૬૮ - સં૨૦૬૮

## દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ

અંતર્ગત મહુવા - ૨૦૧૨

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

**વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**


અધ્યક્ષશ્રી
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી


ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

## તારીખ : ૨૩ થી ૨૯ -૦૪-૨૦૧૨ સુધી

**કથા સમય :- સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૦૦ થી ૬.૦૦**

મહોત્સવ સ્થળ :- 'શ્રી રઘુવીરધામ' મું. પીપળવા (સરકારી)તા. લાઠી, જી. અમરેલી

આયોજક : ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - પીપળવા (ગઢપુર પ્રદેશ)

મહોત્સવનું જીવંત પ્રસારણ : પટેલ નેટવર્ક, લાઠી - અમરેલી

સંપર્ક :- સંજયભાઈ તાલપરા - મો. ૯૮૭૯૩ ૭૨૩૪૮, બાવચંદભાઈ પોકિયા - મો. ૯૮૭૯૬ ૩૭૭૩૧, અલ્પેશભાઈ પોકિયા - મો. ૯૯૭૯૬ ૦૨૬૮૮, મહેશભાઈ વેકરીયા - મો. ૯૪૨૬૨ ૮૦૧૧૭

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**ચાલો મહુવા...** **પધારો મહુવા...**

શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં
પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

મહુવાને આંગણે... ભવ્યાતિભવ્ય


સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત

## આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ

200 સં૧૮૬૮ - સં૨૦૬૮

## દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ

અંતર્ગત મહુવા - ૨૦૧૨

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ



## તારીખ : ૩૦ -૪-૨૦૧૨ થી ૦૬ -૦૫-૨૦૧૨ સુધી

**વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**


અધ્યક્ષશ્રી
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી


ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**કથા સમય :- બપોરે ૩.૦૦ થી ૬.૦૦ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦**

મહોત્સવ સ્થળ :- 'શ્રી રઘુવીર ધામ' પેવેલીયન ગ્રાઉન્ડ, મહુવા, જી. ભાવનગર

આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - ખારગેટ મહુવા (ગઢપુર પ્રદેશ)

સંપર્ક : શ્રી સ્વા.મંદિર - ખારગેટ, મો. ૦૨૮૪૪ - ૨૨૨૨૪૨ પા. ખુશાલ ભગત - મો. ૮૧૨૮૬૯૧૫૧૫ ● સૌજન્ય : સરદાર પટેલ યંગ ગ્રુપ - મહુવા ●

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**ચાલો મોટા ભમોદ્રા** **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના** **પધારો મોટા ભમોદ્રા**

શ્રી સ્વામિનારાયણ મંદિર - મોટા ભમોદ્રાનો ભવ્ય


સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

## ૫૦ વર્ષ સુવર્ણ જયંતિ મહોત્સવ


## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ


અધ્યક્ષશ્રી
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

**વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

## તારીખ :- ૭ થી ૧૩ -૫-૨૦૧૨

**કથા સમય :-** સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૦૦ થી ૬.૦૦


ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

**મહોત્સવ સ્થળ :- મુ. મોટા ભમોદ્રા, તા. સાવરકુંડલા, જી. અમરેલી**

આયોજક : ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - મોટા ભમોદ્રા(ગઢપુર પ્રદેશ) વતી પૂ. સ્વામી શ્રી હરિચંદ્રપ્રકાશદાસજી - ગઢપુર

સંપર્ક :- ભીખાભાઈ ભલાણી - મો. ૯૮૭૯૮૮૩૪૮૩ પ્રકાશભાઈ લુહાર - મો. ૯૮૨૫૩૭૧૬૬૨ રસિકભાઈ પરસાણા - મો. ૯૯૦૯૬૬૫૬૨૩ ભનુભાઈ હિરપરા - મો. ૯૮૨૪૭૧૬૬૩૦



કોટડા સાંગાણીને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે તથા શ્રી રઘુભાઈ કરશનભાઈ વઘાસિયા (રાજકોટ)ના
યજમાનપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૩ થી ૨૯-૩-૨૦૧૨)




દહિસર (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળના '૨૮મા વાર્ષિક મહોત્સવ'ના ઉપલક્ષમાં પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના
વક્તાપદે યોજાયેલ 'શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથા પારાયણ' (તા. ૨૧ થી ૨૫-૩-૨૦૧૨)

Shree Swaminarayan Chintan, April -2012 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2014, RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month.














બગસરાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ તથા પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'(તા. ૧૬ થી ૨૨-૩-૧૨)

છબીકલા : શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩. શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji